Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 1

October, 2016

૨૧મા વર્ષમાં 'હરિભાવ'નો મંગલ પ્રવેશ.



## સાક્ષાત્કાર એટલે ?

માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેંદ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને, એને ક્રિયાના પ્રવાહ સ્વરૂપમાં एनी કૃપાથી વહેતું મૂકવાનું કરવું, તેનું જ નામ સાક્ષાત્કાર.

- શ્રીમોટા

*'જીવન પોકાર', છઠ્ઠી આ., પૃ. ૩૫૨*



## આધ્યાત્મિકતાની પૂર્ણતા

જેના આધ્યાત્મિક પ્રભાવથી આસપાસનાં લોકો અંજાઈ જાય છે, એમની આધ્યાત્મિકતામાં એટલી ત્રૂટી સમજવી. જેની સંગતિમાં બધાંને હિંમત આવે છે, સહજભાવે સ્વતંત્રતા સાથે વર્તવાનું શક્ય બને છે, એમની આધ્યાત્મિકતા પૂર્ણતાને પહોંચી છે.

- શ્રી વિનોબાજી

*'સર્વોદય પ્રેસ સર્વિસ', પૃ.૭*
*તા. ૧-૭-૨૦૧૬,*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૧૬

## અનુક્રમ

૧. લગ્નજીવનનો ઉપયોગ ........................ શ્રીમોટા ૪
૨. શ્રીઅરવિંદની પ્રથમ મુલાકાત ................ ચંપકલાલ ૫
૩. વરસાદની અને કુદરતની અનિયમિતતાનો હેતુ .... શ્રીમોટા ૭
૪. નર્મદામૈયાની પરિક્રમા:અનુભવ અને ચિંતન (૧)
........................... સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૯
૫. મારું ધણીપણું ................................ગાંધીજી ૧૨
૬. આપણે કેળવણીનું માળખું બદલવું પડશે ..........શ્રીમોટા ૧૪
૭. લોકો મને મનુષ્ય માને છે : શ્રીકૃષ્ણ ....... સંત શ્રીજ્ઞાનેશ્વર ૧૫
૮. વિચક્ષણ વિરલ વ્યક્તિ સદ્‌ગતશ્રી મનસુખભાઈ
.................................... કરશનભાઈ પટેલ ૧૬
૯. ગગને આજ પ્રેમની ઝલક છાઈ અંગે ............શ્રીમોટા ૧૯
૧૦.તું મારો બનીને તો જો ..................... ભક્ત કવિ ૨૦
૧૧.પદ્યપ્રસાદી ...................................શ્રીમોટા ૨૧
૧૨.ભક્તરક્ષક શ્રીરંગ .................... ડૉ. અરુણ શેલત ૨૨
૧૩.નામસ્મરણ : સાધનશિરોમણિ .......... શ્રીગાંડા મહારાજ ૨૪
૧૪.‘અનુભવી’ એકલો છે, પણ એનું એને દુઃખ નથી ..શ્રીમોટા ૨૫
૧૪.ગુરુને છેતરવા નહિ ............................શ્રીમોટા ૨૬

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટાના સ્વજન, હરિઃૐ આશ્રમ, સુરતના સદ્‌ગત પ્રમુખશ્રી મનસુખભાઈ જોષીની પુણ્યસ્મૃતિમાં માતપિતા કમળાબહેન ત્રિભોવનદાસ જોષી પરિવાર તરફથી ‘હરિભાવ’ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે. સદ્‌ગતશ્રીની ઊર્ધ્વગતિ માટે પ્રાર્થના સહ આ પરિવાર પ્રત્યે અમો આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.

-સંપાદક

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા
Mo. / SMS / Whatsapp - 9427554391

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
www.hariommota.org ઉપર
હરિભાવ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪

# (૧) લગ્નજીવનનો ઉપયોગ

**શ્રીમોટા**

આપણા લગ્નનો આદર્શ હૃદય-હૃદયથી જોડવાનો ને એક થવાનો છે, પરંતુ તે સ્થૂળ રીતે ન હોય. "જોડાવું એટલે બંધનમાં પડવું" એવો અર્થ નથી.

"મહાત્માગાંધી"-લેખક પી.એ.વાડિયા- એ નામની અંગ્રેજી ચોપડી જોતાં નીચેનું વાક્ય મળ્યું.

"જીવનનો હેતુ મુક્તિનો છે. મુક્તિ એટલે જન્મમરણમાંથી મુક્તિ, શરીરના પાર્થિવ તત્ત્વમાંથી મુક્તિ, પ્રભુ સાથે એકરૂપતા પ્રાપ્ત કરવી તે. આ ભવ્ય હેતુની પ્રાપ્તિ કરવામાં લગ્ન બાધકરૂપ છે અને તે પાર્થિવ તત્ત્વ જોડે સંકળાવી રાખે છે."

જોકે સામાન્ય માનવી માટે લગ્ન એ જરૂરી વસ્તુ છે. તે મર્યાદાની પણ જરૂર છે. જેમ જેમ તેમાં ભાવનાનું તત્ત્વ ઉમેરાતું જાય તેમ તેમ લગ્નની ભાવના ઊર્ધ્વ થતી જાય છે. આપણે તો પાર્થિવ તત્ત્વથી પર થવાનું છે, તે એને અવગણીને નહિ, એના પરત્વે તિરસ્કાર સેવીને એ બની શકવાનું નથી. એમ કરવાથી એનાં મૂળ પલટાઈ શકવાનાં નથી. એ તો એનું રૂપાંતર કરવાથી તે સાધી શકાશે.

આમ, પાર્થિક લગ્નની સાથે આપણને ઝાઝી લેવાદેવા ન હોવી ઘટે. હૃદય-હૃદયની એકતા સધાય અને તેમાંથી ભાવના પ્રગટે અને એ ભાવનાથી કરી આપણા જીવનનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ઊર્ધ્વગામી બને તે રીતે સાધનામાં લગ્નજીવનનો ઉપયોગ છે. સાધનામાં એનાથી બીજી રીતે એને સ્થાન નથી. સાધનાના પંથે પડેલા બધા જીવોને દીવા જેવું આ સમજાઈ જવું ઘટે છે.

માનવી માનવીને ચાહે છે તે માનવીને ખાતર નથી ચાહતા, પરંતુ કોઈ ને કોઈ જાતના તેના તરફથી સંતોષવાપણા માટે ચાહે છે કે વળગે છે. ભરથરીને પીંગળા ઉપર પ્રેમ હતો, કે કહો કે મોહ હતો, પરંતુ એની આંખ ઉઘાડતાં તે ચેત્યો ને બધું ત્યજ્યું. મારી દૃષ્ટિએ એ પણ યોગ્ય નથી. **સ્થૂળ કશું જ ત્યજવાનું નથી.** આપણે તો જે હોય તેમાંથી મમત્વ, મોહ, કામના, આશા, ઈચ્છા, લોલુપતા, તૃષ્ણા વગેરે વગેરે નિર્મળ થાય તે જોવાનું છે. ને તે જ આપણો ધર્મ છે. તો જ ચેતન છતું થાય.

સૌ કોઈ પોતપોતાની સમજણ પ્રમાણે વર્તે છે. આપણી સમજણ અને બીજાંની સમજણમાં જ્યાં સુધી સુમેળ ન પ્રગટે, એકતા ન પ્રગટે ને હૃદય-હૃદય એક ન થયાં હોય ત્યાં સુધી ઘર્ષણ થવાનો સંભવ રહે છે. તે વેળાએ એનું દિલ ખીલેલું છે કે કેળવાયેલું છે, ઉદાર ભાવવાળું બનેલું છે, **તેવાએ વધારે સહેવાનું છે** અને વધારે ઉદારતા દાખવવાની છે ને તેણે જ વધારે શાંત રહેવાનું છે. આવો તેનો ધર્મ છે.

સામો જીવ તો ઊલટું આપણને ઉશ્કેરાટ પ્રગટે તેવું વર્તે કે કરે અને તેવા તેના વર્તન

**અનુસંધાન પાના નં. ૮ ઉપર**

## (૨) શ્રીઅરવિંદની પ્રથમ મુલાકાત

ચંપકલાલ

...અને છેવટે કાંતિલાલ, નટવરલાલ અને હું એમ અમે ત્રણે જણા સને ૧૯૨૧ના એપ્રિલની પહેલી તારીખે સવારે છ વાગ્યે પોંડિચેરી આવી પહોંચ્યા. તે સમયે રિક્ષા પોંડિચેરીમાં માણસો ખેંચતા હતા, આ યોગ્ય નહિ લાગવાથી અમે રિક્ષા ન કરી. અમારા યજમાન નારણદાસના ઘર સુધી અમે રેલવે સ્ટેશનથી ચાલી આવ્યા.

બપોરે ૧૧-૩૦ થી ૩-૩૦ના ગાળામાં પોંડિચેરીમાં સખત ગરમી પડતી હતી. અમે કંઈ લાંબો વખત ઘરમાં પુરાઈ રહી શક્યા નહિ. બપોરે એક વાગ્યે અમે બહાર નીકળ્યા. શ્રીઅરવિંદને આ સમયે બધા બાબુજી કહીને સંબોધતા હતા. અમને સાંજના પાંચ વાગ્યા પહેલા આવવાનું જણાવવામાં આવ્યું. દરિયા તરફના એક પુલ તરફ અમે ગયા. એક વૃક્ષની છાયા નીચે પવનની લહેરમાં અમને નિદ્રાદેવીએ ઘેરી લીધા. અમને તરસ લાગી હતી. ગરમી ઘણી હતી. શ્રીઅરવિંદના ઘરના ''તીર્થ''નો આસ્વાદ કરવાની ઇચ્છા પણ હતી. એ પૂર્ણ થઈ.

દાદરા પરથી કોઈક નીચે ઊતરતું લાગ્યું. દાદરાના છેલ્લા પગથિયે જ્યાં પગ મૂક્યો ત્યારે મારાથી સ્વાભાવિક દોટ મુકાઈ ગઈ. મને લાગ્યું કે એ શ્રીઅરવિંદ જ છે. એમનાં ચરણકમળને સ્પર્શ કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે હું પૂરો એક કલાક એમનાં ચરણોમાં પડી રહ્યો, ઊઠી જ ન શક્યો. કોઈએ મને જરીકે ખલેલ ન પહોંચાડી. એ કલાકના અંતે શ્રીઅરવિંદે પોતાનો હાથ મારા માથા પર મૂક્યો. આશીર્વાદ આપ્યા અને ''આવતી કાલે'' એમ કહ્યું અને હું ઊભો થયો.

અમને ખુરશીમાં બેસવાનું કહેવામાં આવ્યું, પરંતુ અમે એમની બાજુમાં ભોંય ઉપર જ પલાંઠી વાળીને બેસવાનું પસંદ કર્યું. એમણે અમારાં સૌનાં નામ પૂછ્યા. મારા તરફ તાકીને પૂછ્યું, ''તમને અંગ્રેજી આવડે છે ?'' મેં ના પાડી. એમણે હિંદીમાં બોલવાનું શરૂ કર્યું.

શ્રીઅરવિંદનાં પ્રથમ દર્શને મારા મનમાં એવો પ્રતિભાવ જાગ્યો કે મારે હવે જિંદગીમાં આથી વિશેષ કંઈ જ કરવાનું રહ્યું નથી.

બીજા દિવસે એટલે કે તા.૨-૪-૧૯૨૧ના રોજ અમે બપોરના આરામ બાદ ચાર વાગ્યે ત્યાં જવા તૈયાર થયા. પાંચ વાગવામાં પાંચ મિનિટની વાર હતી એટલામાં અમૃતા નીચે આવ્યો અને અમે બધા એની સાથે ઉપર ગયા. અમે દંડવત્ પ્રણામ કર્યા. લગભગ પંદર મિનિટ સુધી શાંત બેસી રહ્યા. પછી શ્રીઅરવિંદે કેટલાક પ્રશ્નો પૂછ્યા ? કેટલા આવ્યા છો ? કેવી રીતે આવ્યા ? યોગના અભ્યાસ અંગે પૂછતાં મેં કહ્યું કે યોગ શું છે તે હું જાણતો નથી. પણ જે કોઈ કામ હું કરું છું તે પ્રભુને સમર્પી દઉં છું અને તે આપના દ્વારા સમર્પી દઉં છું. એવો અભ્યાસ કરું છું. અન્ય પ્રશ્નોત્તરી પણ થઈ. લગભગ સાંજના છ ને પાંચ થવા આવ્યા હતા. હવે ''આવતી કાલે'' એવું કહેતા શ્રીઅરવિંદ એમના ઓરડામાં ગયા.

હવે ત્રીજો દિવસ.

અમે ૪-૧૦ કલાકે બાબુશ્રીના મંદિરમાં (શ્રીઅરવિંદના સ્થાને) આવી પહોંચ્યા.

અમૃતાએ અમને કહ્યું કે શ્રીઅરવિંદ પાંચ વાગ્યે મળશે અને તમને બોલાવવામાં આવશે.

મેં કહ્યું, “કૃપા કરીને ગુજરાતીમાં બોલશો ?” શ્રીઅરવિંદ : “હું વડોદરામાં હતો ત્યારે ગુજરાતી જાણતો હતો. હવે તો ભૂલી ગયો છું.”

અમારા કુલ એ આઠ દિવસ દરમ્યાન બીજી પણ કેટલીક બાબતો બનવા પામી હતી. શ્રીઅરવિંદે મને એવું પણ કહ્યું કે પ્રભુની દિવ્યશક્તિ સર્વત્ર અને સર્વ કંઈમાં સક્રિયરૂપે કાર્યરત છે. એ જોવાનો પ્રયત્ન કરવો. મારે કયાં પુસ્તક વાંચવાં એવા પ્રશ્નના જવાબમાં તેઓશ્રીએ બે પુસ્તકો કહેલા (૧) “પ્રકૃતિ રહસ્ય” અને (૨) શાંડિલ્યનું “ભક્તિસૂત્ર”. પ્રકૃતિ રહસ્યના પુસ્તક સંબંધી સવિસ્તારે વિગતો પણ આપી. એ વખતે મારી ઉંમર અઢાર વર્ષની હતી. શ્રીઅરવિંદના કહ્યા પછી જ્યારે મેં “પ્રકૃતિ રહસ્ય” વાંચ્યું, ત્યારે મને સર્વત્ર સૌંદર્યનું દર્શન કરાવનાર એવા કોઈ તત્ત્વના જાગરણનો અનુભવ થયો.

મેં શ્રીઅરવિંદને પૂછ્યું કે મને સાક્ષાત્કાર ક્યારે થશે. એના જવાબમાં એમણે મને નારદની એક વાર્તા કહી:-

બે ભક્તજનો વર્ષોથી જંગલમાં રહીને સાધના કરતા હતા. એક વખત નારદ જ્યારે ત્યાંથી પસાર થતા હતા ત્યારે એક ભક્તજને પૂછ્યું, “ભગવાન, તમે તો પ્રભુ પાસે જાઓ છો. મારા વતી તમે એમને કૃપા કરીને એટલું પૂછશો કે હું એમનાં દર્શન ક્યારે કરી શકીશ ?” થોડે આગળ જતાં બીજા ભક્તજન મળ્યા. એમણે પણ નારદને તેવો જ પ્રશ્ન પોતાને માટે પૂછવાનું કહ્યું.

પાછા ફર્યા બાદ નારદે પ્રથમ ભક્તજનને કહ્યું, “તમે જે ઝાડની નીચે બેસીને તપસ્યા કરો છો એ ઝાડ પર જેટલાં પાંદડાં છે તેટલા જન્મ બાદ તમને પ્રભુનો સાક્ષાત્કાર થશે. આ સાંભળીને એ તો ખૂબ જ નિરાશ થઈ ગયો અને એણે સાધના કરવાનું જ છોડી દીધું.”

નારદ જ્યારે બીજા ભક્તજનને મળ્યા અને તેને પણ એ જ શબ્દો કહ્યા ત્યારે તે તો અસીમ આનંદમાં ડોલવા લાગ્યો. “આહા આખરે ગમે તેમ તોય હું ભગવાનનો સાક્ષાત્કાર કરીશ.” એ વિચારે એને એક એવા ઉત્કટ આનંદથી ભરી દીધો કે એ પોતાની જાતને પણ ભૂલી ગયો અને પ્રભુનાં તત્કાલ દર્શન થયાં.

આ રીતે શ્રીઅરવિંદે એમને સમજાવ્યું કે દિવ્ય પ્રભુનાં દર્શનનો આધાર તો આપણી પોતાની એકલક્ષી તીવ્ર ઉત્કટતા પર જ રહે છે.

કયે દિવસે પોંડિચેરી છોડવું એ અમે નક્કી કર્યું ન હતું. આઠમા દિવસે અમને બધાને એમ લાગ્યું કે હવે આ આપણો છેલ્લો દિવસ છે. અમે રોજ શ્રીઅરવિંદને એકાદ કલાક મળતા અને અંતમાં તેઓશ્રી કહેતા કે, “હવે આવતી કાલે.”

આઠમા દિવસે “હવે આવતી કાલે” એમ કહેવાને બદલે એમણે કહ્યું કે : “જો તમને કોઈ તકલીફ હોય તો તમે મારું સ્મરણ કરજો.” ક્ષણેક થંભીને કહ્યું, “મને લખજો” અમે એમ સમજી ગયા કે આ હવે છેલ્લો દિવસ છે.

અમારે જે કહેવાનું હતું એ તો બે ત્રણ દિવસમાં જ પતી ગયું હતું, છતાં પણ અમે દરરોજ જતા, કારણ અમને પોતે જ કહેતા : “હવે આવતી કાલે.” આ જ બતાવે છે એમની પૂર્ણ કૃપા અમારા પર વરસાવી અમને અમુક દિવસ એમના સાંનિધ્યમાં રાખવા હતા.

‘ચંપકલાલનાં સંસ્મરણો’, પ્ર. આ., પૃ. ૧૪ ❑

## (૩) વરસાદની અને કુદરતની અનિયમિતતાનો હેતુ

શ્રીમોટા

**સ્વજન :** મોટા, આ વરસાદ નથી પડતો અથવા તો બહુ અનિયમિત થઈ ગયો છે. આપણા દેશમાં એની પાછળ અથવા તો હિંદુસ્તાનની અંદર અત્યારે જ એક જાતનું ડેવલપમેન્ટ થઈ રહ્યું છે એની અંદર એવો કોસ્મીક હેતુ પણ હોઈ શકે ? મદદ કરવા માટે પણ અમુક જાતના આવા સંજોગો રચાતા હોય, એવુંય બને ખરું ?

**શ્રીમોટા :** એવું નહિ. એનું કારણ બે રીતે બતાવી શકાય. એક તો દરેક વસ્તુમાં ફેરફાર થાય છે. આ સ્થૂળ વસ્તુઓમાં ફેરફાર થાય છે. જગતમાં ફેરફારનો નિયમ છે. એવી રીતે વરસાદનું આ જે વાતાવરણ છે અને એના પ્રવાહોની દિશા છે, એ પણ કેટલાંક વર્ષ ફેરવાય છે, એ એક કારણ.

બીજું કારણ એને ગીતામાં આપ્યું છે કે યજ્ઞથી વરસાદ થાય છે. અહીં યજ્ઞનો અર્થ કર્મ છે. યજ્ઞનો અર્થ આહુતિ આપવી એ નહિ. એનો અર્થ કર્મ છે. મનુષ્યના જેવા જેવા પ્રકારનાં કર્મ એવું પરિણામ.

અત્યારે મનુષ્યનાં કર્મ એટલાં બધાં અનીતિવાળાં-પ્રપંચવાળાં-એવાં બધાં થઈ ગયાં છે. એવાં બધાં કર્મના પ્રભાવથી પણ વરસાદની આવી ગતિ છે. આ બે કારણો મને જડ્યાં.

એક ત્રીજું કારણ પણ છે. આખા જગતમાં જીવનનો જે પ્રવાહ ચાલી રહ્યો છે, એ પ્રવાહ એની મેળે કંઈ બદલાવાનો નથી. કોઈ આકસ્મિક સંજોગો આવે તો જ એ બદલાય, બાકી એ બદલાય નહિ. ત્યારે એ બદલવાને માટે આપણી વૃત્તિની અંદર, મનુષ્યોની અંદર રહેલો જે સ્વભાવ છે, એ સ્વભાવ બદલાવાનો છે, એ વાત ચોક્કસ.

નવી સૃષ્ટિ થવાની છે. નવી સૃષ્ટિ એટલે એવી પૃથ્વી નહિ. મનુષ્યોના મન બદલાવાના છે. એ વાત પણ મારા મનથી નક્કી છે. એના માટે જે વાતાવરણ થવું જોઈએ એ વાતાવરણ આપણાથી કંઈ થવાનું નથી. એ તો ભગવાન જ પોતે કરશે. એ કરે છે કેવી રીતે એ આ જે આંતરિક સૃષ્ટિ છે - આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ જેમ આપણા શરીરની અંદર છે, એવી રીતે એ વાતાવરણમાં પણ છે. આપણા સંસ્કારો, આપણા વિચારો એ પણ વાતાવરણમાં છે. આટલી ઓરડીની અંદર કેટલા બધા દેશના વિચારો છે ! એ તો બુદ્ધિથી મનાય તેવી હકીકત છે. તેવી રીતે આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ આ અવકાશની અંદર છે. ત્યારે એ અવકાશને બદલવાને માટે જુદા જુદા પ્રયોગો થશે. આ આખું યુનિવર્સ છે. એમાં જુદા જુદા પ્રયોગો થશે.

વરસાદની અનિયમિતતાના બે કારણ મેં પહેલાં કહ્યા. આ ત્રીજું કારણ ખરું કે ખોટું તે હું જાણતો નથી, પણ મારા મનથી સમાધાન કરેલું કે એ જુદી જુદી રીતે બદલાશે. વરસાદ અનેક રીતે જુદી જુદી રીતે એના પ્રવાહ બદલશે અને એ બદલીને જુદા જુદા ફેરફારો કરશે.

વરસાદને લીધે જુદા જુદા ફેરફારો થાય છે એ તો આપણાથી મનાય તેવી હકીકત છે. ત્યારે વરસાદને લીધે મનુષ્યના મનમાં પણ ફેરફારો થવાના અને તેવા આ અવકાશની અંદર પણ થવાના અને ત્યાર પછી મનુષ્યનાં આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણની ઉપર પણ અસર થવાની અને તેના ઉપરથી પછી કોઈ નવું સર્જન થશે. વાર ઘણી લાગશે, પણ આ સૃષ્ટિના વરસાદના પ્રવાહો બદલાતા રહે છે, એનું જ્ઞાન હવે વધારે લોકોને થશે. આ સાયન્ટિસ્ટો - વૈજ્ઞાનિકોને થશે. થતું જતું હશે. જણાતાં હશે કદાચ, પણ આ પ્રવાહો બદલાતા જશે.

મને ઘણાં વર્ષથી સમજણ પડી છે કે અમારા દેશમાં હમણાં સમૃદ્ધિ થવાની નથી. કેઓસ (=અંધાધૂંધી) થવાનો છે. આવા વરસ થયા હશે ત્યારે જ કેઓસ થશેને ? એની મેળે થોડો કંઈ કેઓસ થાય ? એવી પરિસ્થિતિ ઊપજવી જોઈએ. એવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય એવા બધાં કારણો થવા લાગ્યાં છે. મને તો દેખાય છે. બહુ ખુલ્લી આંખોએ દેખાય છે કે આ પરિસ્થિતિ કેઓસ થવાની છે. એનાં આ બધાં કારણો થાય છે, પણ એના માટેની જે બધી પરિસ્થિતિ થવી જોઈએ એ હજી નથી થઈ. એની હજુ વાર છે. એટલે કે આ પૂરો કેઓસ થયો નથી. બાકી, એનાં કારણોની શરૂઆત થઈ ગઈ છે. હમણાં ગુજરાતમાં દુકાળ પડ્યો. કેટલી બધી ઊથલપાથલ થશે એની આપણને ખબર નહિ પડે, પણ સમાજમાં ઘણી ઊથલપાથલ થશે.

'જન્મ પુનર્જન્મ', પ્ર. આ., પૃ. ૪ ❑

**અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ**

પરથી કે તેવા તેના વચન પરથી તેની પ્રકૃતિનાં કે તેના સ્વભાવનાં દર્શન પણ થાય. તેવું થતાં આપણે ચલાયમાન ન થઈએ અને સામા જીવ પરત્વે સદ્‌ભાવ વધાર્યા કરીએ અને આપણા એવા વર્તન પરથી આપણા જીવનની કક્ષાની પારાશીશીનું માપ આપણને મળી રહે છે.

જે જીવ પોતાના ચેતનને પ્રગટ કરવાને તૈયાર થયો છે એવા જીવે પોતાનું અંતર સર્વની સાથે ઘટાડી ઘટાડીને અંતરને એક કરીને સાંધી લેવાનું રહે છે.

સાધકે કશું અધકચરું મૂકવાનો અર્થ નથી. જે કંઈ થવા પામે તે સહર્ષ વધાવી લેવાનું રહ્યું. તેણે કશાથી અકળાવાનું કે મુઝાવાનું ન હોય. સાધના કરનાર જીવે, સર્વ સાથે સુમેળમાં રહેવાય તેટલું તેને કાજે ઉત્તમ છે, પરંતુ તેથી તે જ્યાં ત્યાં સુમેળ પ્રગટાવવાને કાજે રખડ્યા નહિ કરે. એ તો એવો પ્રસંગ આપમેળે સાંપડે ત્યારે તેમ વર્તશે.

જેનામાં સદ્‌ભાવના, સત્સંકલ્પ, સદ્‌વિચાર અને એ બાબતની જિજ્ઞાસા ને તમન્ના તથા તેને અમલમાં મૂકવાની ધગધગતી ભાવના નથી, એવું પ્રાણી માનવ હોવા છતાં ચેતન વિનાનું જડ જેવું છે. ઢોર, પશુ, પંખી કરતાં માનવીને જે શક્તિઓ ભગવાને વધુ આપેલી છે તેનો સાત્ત્વિક ઉપયોગ કરવાનું તે જાણતો નથી. આમ, વપરાશમાં ન આવવાને કારણે તે શક્તિઓ બુઠ્ઠી બનતી જવાની ને આખરે જડ વધુ જડ બનતું જવાનું ને એમ માનવીજીવનની લાયકાતથીયે એ વધુ નીચે બનવાનો.

'જીવન મંથન', પ્ર. આ., પૃ. ૧૧૧ ❑

# (૪) નર્મદામૈયાની પરિક્રમા : અનુભવ અને ચિંતન (૧)

**સ્વામી પ્રેમાનંદ સરસ્વતી**

(શ્રી ગુરુતીર્થ-ધર્મક્ષેત્ર આશ્રમ, મુ.પો.ગામ ઓરી, તાલુકો-નાંદોદ (રાજપીપળા) જિ. નર્મદા, ગુજરાત, પીન. ૩૯૩૧૪૫ના સ્થાને હાલ સ્થિર થયેલ સ્વામી પ્રેમાનંદ સરસ્વતીજીએ સને ૧૯૮૨માં નર્મદા-પરિક્રમા કરી હતી. તે અંગેનું લખાણ ''શ્રી નર્મદામૈયાની પરિક્રમા'' નામે પ્રકાશિત થયેલ છે. તેમાંથી ''હરિભાવ''ના વાચકો માટે રજૂઆત કરવાની ભાવનાનો આ પ્રારંભ છે. - સંપાદક)

...કલ્પના અને વાસ્તવિકતા વચ્ચે ઘણું અંતર હોય છે. માલસરથી પરિક્રમાનો પ્રારંભ કરવાનું નક્કી કરેલું. ત્યાંના શ્રીસત્યનારાયણજીના મંદિરના એક મહાત્માએ અમને સલાહ આપી કે પહેલાં તમે દક્ષિણ તટેથી પરિક્રમા શરૂ કરો. ઉત્તર તટેથી આરંભ કરવાથી તિલકવાડા પછી કાંકરાવાળી જમીન શરૂ થશે. તેમાં ચાલતાં તમારા પગ તળવાઈ જશે. સામે કાંઠે અસા ગામ છે. ત્યાંથી સમુદ્ર તરફ જવાથી તમારા પગ ટેવાઈ જશે.

એ ભલા મહાત્માની સલાહ માન્ય રાખી અમે બપોર પછી હોડીમાં બેસી સામે કાંઠે અસા ગામ પહોંચ્યા. ત્યાં નિર્લોભી આશ્રમ છે. સંતશ્રી દગડુ મહારાજ પરિચિત હતા. તેઓશ્રીએ સત્સંગ કરતાં જણાવ્યું કે આ પરિક્રમાનું પૂરેપૂરું ફળ તેને જ મળે છે જે પ્રત્યેક ડગલે શ્રીહરિસ્મરણ (ઈષ્ટ મંત્રનો જાપ) કરે છે. પરિક્રમા દરમ્યાન ગમે તેટલી મુશ્કેલી આવે તોપણ શ્રદ્ધાને ડગવા ન દેવી માનવસ્વભાવ પ્રમાણે સાથીદારો સાથે રકઝક-કંકાસ થવાના જ, પણ એકબીજાનો સંગ છોડવો નહિ. કંઈ ભેળું કરવાની કે સુખ ભોગવવાની ઈચ્છા કરવી નહિ. ગામના સરપંચ પાસે ગ્રામ પંચાયતના ઓળખપત્ર તૈયાર કરાવ્યાં જે સાથે રાખવાં જરૂરી હોય છે.

પરિક્રમાના પ્રારંભ પહેલાં કન્યાપૂજન, કન્યાભોજન અને શ્રી નર્મદાજીની કડાઈ કરવાની હોય છે. કન્યાઓના આશીર્વાદ મેળવી વ્રતનો સંકલ્પ લેવાનો હોય છે. પગે જોડા પહેરવાના નહિ, માથે છત્રી-ચાદર રાખવાં નહિ, સીવેલાં કપડાં પહેરવાનાં નહિ, સાથે પૈસા રાખવા નહિ, ભિક્ષા લઈ નિર્વાહ કરવાનો એકવાર આગળ વધ્યા પછી પાછું વળવાનું નહિ, નર્મદાજીને ઓળંગવા નહિ, રોજ મૈયાનાં દર્શન કરવાનાં. રસોઈ બનાવવામાં ને પીવામાં નર્મદાજીનાં જળનો ઉપયોગ કરવાનો, ''નર્મદે હર''નો નારો પુકારતા રહેવાનું વગેરે.

શ્રીદગડુ મહારાજ અમારો સામાન જોઈ ખૂબ હસ્યા, ''તમે તો શું કોઈની જાનમાં જાવ છો કે તપ કરવા ? આ સામાનનું વજન તમને યાત્રામાં આનંદ આવવા નહિ દે. પગરખાં-અંગરખાં છોડાવી અમને ઘણા હળવા કરી દીધા.''

તા.૧૯-૩-૧૯૮૨ને ગુરુવારે પરિક્રમા શરૂ કરી. હું આંખે સાડા નવ નંબરવાળો. આ પરિક્રમા માટે જેણે મને પ્રોત્સાહિત કર્યો એ

મનસુખ એક પગી, રામચરણદાસ દમિયલ અને વલ્લભદાસ રમકડું. મનસુખને એક પગે પોલિયાની ખોડ હોવાથી લંગડાતો ચાલે. આખી પરિક્રમા પૂરી થવાને લગભગ દોઢ વર્ષનો અંદાજ છે.

યાત્રીએ સવાર થઈ એટલે ચાલવાનું જ. ભિક્ષાનું ભોજન, ભૂમિનું શયન, આસમાનનું ઓઢણું, તારલિયાનો ટમટમાટ, આછું પાતળું ભજન-સ્મરણ બાકી કોરી કલ્પનાના તરંગો, નવો અનુભવ, કાંટા ચરણ ચૂમવા આવે.

મન-બુદ્ધિને મઠારવા કે વૈરાગ્યને વધુ સુદૃઢ બનાવવા માટે જ મુનિજનોએ આ યાત્રારૂપી કીમિયો શરૂ કર્યો હશે.

આજે બારશ છે. લાડવાવડના મહારાજે પારણાં કરાવ્યાં. ઢળતા દિવસે અમે પ્રસ્થાન કર્યું. જમણી બાજુ કબીરવડની ટોચ દેખાય. જોવા જવાની ઈચ્છા, પણ માતાજીના પ્રવાહને પરિક્રમાના યાત્રીથી ઓળંગાય નહિ.

ભરૂચ જિલ્લાના ઝઘડીઆથી નર્મદાજી દૂર છે. કિનારે મઢી નામે સુંદર સ્થળ છે. મઢીમાં રહેતા બાવાજીએ અમારી સાથે બહુ જ તોછડો વર્તાવ કર્યો. **અમારે માટે આ પહેલો કડવો અનુભવ છે.** સાંજે ગુમાનદેવ પહોંચ્યા. મંદિરની સંપત્તિ ઘણી છે, પણ મહંત દિલનો દરિદ્ર જણાયો. મોટાં મકાનો હોવા છતાં અમને દરવાજા બહાર રહેવા ફરમાન કર્યું. **અમને અપમાન લાગ્યું.** એટલે નજીકમાં વહેતી ઉદંબરી નદીના ખુલ્લા પટમાં પડાવ રાખ્યો. શેકેલા ચણાના લોટ (સાથવા)માં ગોળનું પાણી નાખી બપોરા કર્યા.

અંકલેશ્વરમાં રામદેવપીરના મંદિરવાળા સાધુ હનુમાનદાસજીએ અમને આવકાર્યા. ત્યાંથી આગળ ચાલતાં ડામર રોડ ઉપર ચાલવાનું થતાં સમજાયું કે ખુલ્લા પગે ચાલવામાં કાચો રોડ જ સારો. ડામર રોડ પર ચાલવાથી પગનાં તળિયાં ઘસાય છે. સાહોદ ગામમાં રુદ્રકુંડ છે મીઠા પાણીના કુંડ છે. એવી માન્યતા છે કે "નર્મદે હર" બોલવાથી પાણીમાં બડબડિયા - પરપોટા થાય છે. હું શ્રદ્ધાળુ નથી. કોઈ પણ માન્યતા કે ચમત્કાર પર મને તર્ક થાય જ છે. થોડીક નજીકની જગ્યામાં મેં લઘુશંકા કરી.ત્યાં પેશાબમાં પણ બડબડિયા થયા. હકીકતે અહીંની ધરતીમાં બધે જ ગૅસ નીકળે છે. હવામાં પણ ગૅસની વાસ આવે છે.

આગળ વધતાં રસોઈ બનાવવાની હોંશ ન હોવાથી માત્ર ગોળનું પાણી પી પીને જ આરામ કર્યો. હાંસોટમાં સૂર્યકુંડ છે. ચંપકલાલ શેઠ સદાવ્રત ચલાવે છે. યાત્રીઓને સમુદ્રપાર લઈ જતી નાવડીનું સંચાલન પણ તેઓ જ કરે છે. નાવડી ઘણી જૂની હતી. રિપેરિંગ માટે અમે રૂ.૧૦૦/-નું દાન કર્યું. ભોજન માટે અપાતી લાલજુવારનો લોટ ને અડદની દાળની ભિક્ષા લીધી.

હાંસોટથી નીકળી બપોરે કોટેશ્વર મહાદેવના મંદિરે પહોંચ્યા. પગ દાઝતા હતા. આંખે અંધારા આવે. ત્યાં પીવાનું મીઠું પાણી ન મળે, ખારું પાણી ગળે કેમ ઊતરે ? ગળું સુકાય, પેટમાં ભૂખ, ત્યાંના સાધુએ ભારે તોછડાઈ કરી. ભૂખ, તરસ, થાક અને તાપ એમ આજે અમારી ભારે વલે થઈ. લથડિયાં ખાતાં અમે કટપોત ગામે સાંજે પહોંચ્યાં. ત્યાં પહેલાં તો ખૂબ પાણી પીધું. ગામમાંથી શ્રીરંગ

અવધૂતના ભક્તો મળવા આવ્યા. ધૂપ, છાંવ, માન-અપમાન, ભૂખ-તરસ એવા પ્રસંગે મનની વૃત્તિ કેવી રહે છે એ વિશે ચર્ચા થઈ. અમારો તો તાજો અનુભવ હતો.

ભગવાન બુદ્ધે અને ગીતાકારે સમતામાં રહેવાનું કહ્યું છે, એ વાત કરવી અને ખુરશીમાં પડી રહી વિચારવી ને પ્રસંગ આવ્યે મનની સ્થિતિનો અનુભવ એ બધી અલગ વાત છે. આવી યાત્રાઓ એ માટે જ યોજાતી હશે. સંન્યાસી ફરતો રહે તો તેને જગતની વાસ્તવિકતાનું દર્શન થાય, એની અસ્થિરતા સમજાય તો મૂળ જે શાશ્વત છે તે પ્રતિ અભિગમ વધે.

નર્મદાજીના દક્ષિણ તટની પરિક્રમાનું આ છેલ્લું સ્થળ છે. વિમલેશ્વર સાગર તટે અહીં ઘણાં મંદિરોના અવશેષો છે. કાંપના કારણે કરપોટ ગામથી એક કિ.મિ. દૂર જે સાગરતટ છે ત્યાંથી નાવડીવાળી લઈ ઉત્તર તટે મીઠી તળાઈએ ઊતરી આવે છે. જે ખારો સાગર પાર કરે તે મીઠી તળાઈમાં ઊતરે જે વિમલ, મલરહિત થાય તે હરિધામ પહોંચે.

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી. આ., પૃ. ૪ થી ૧૫ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગત શ્રી મનસુખભાઈ જોષીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે જ્ઞાનદાન | (ચલથાણ) સુરત | ૧૧,૧૧૧/- |
| ૨. | એક સ્વજન | | ૧૧,૦૦૧/- |
| ૩. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ ૮૩મા જન્મદિન નિમિત્તે | નરોડા | ૫,૦૦૧/- |
| ૪. | કાંતિભાઈ લાલભાઈ પટેલ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૫. | ગિરાબહેન નાનુભાઈ પટેલ હસ્તે નલિનીબહેન ડી. પટેલ | અબ્રામા (વલસાડ) | ૫,૦૦૦/- |
| ૬. | યોગિનીબહેન યોગેશભાઈ શાહ | સુરત | ૨,૫૦૦/- |
| ૭. | રમાબહેન મોહનભાઈ દલસાણિયા | સુરત | ૨,૫૦૦/- |
| ૮. | એક સ્વજન | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૯. | કુસુમબહેન અશોકભાઈ પટેલ પૂ.શ્રીમોટાના જન્મદિન નિમિત્તે | નરોડા | ૧,૧૧૧/- |
| ૧૦. | જિતેન્દ્રભાઈ હંસરાજભાઈ સરવૈયા | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૧૧. | શાલ્મીબહેન ભરતભાઈ ઠાકોર જન્મદિન નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૧૨. | પ્રતાપભાઈ એલ. વ્યાસ | રાજકોટ | ૫૦૧/- |
| ૧૩. | જી.આર. પ્રજાપતિ (નિવૃત્ત પી.આઈ.) જન્મદિન નિમિત્તે | નરોડા | ૫૦૦/- |
| ૧૪. | ગુણવંતભાઈ ભૂંગળિયા | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૫. | ચિ. નિષ્ઠાનાં શુભ લગ્ન, પૂ.પિતાશ્રીની પુણ્યતિથિ તથા ડાહ્યાભાઈ એમ. પટેલના જન્મદિન નિમિત્તે | કુડસદ | ૩૦૧/- |
| ૧૬. | જયેશભાઈ એમ. પટેલ | લવાછા | ૧૫૧/- |

આ સર્વેના અમે આભારી છીએ.

# (૫) મારું ધણીપણું

ગાંધીજી

વિવાહ થયા એ દિવસોમાં નિબંધોનાં નાનાં ચોપાનિયાં - પૈસાનાં કે પાઈનાં એ તો યાદ નથી નીકળતાં. એમાં દંપતીપ્રેમ, કરકસર, બાળલગ્ન વગેરે વિષયો ચર્ચવામાં આવતા. આમાંના કોઈ નિબંધ મારા હાથમાં આવતાં ને તે હું વાંચી જતો. એ તો ટેવ હતી જ કે વાંચવું તે પસંદ ન પડે તો ભૂલી જવું, ને પસંદ પડે તો તેનો અમલ કરવો. એકપત્નીવ્રત પાળવું એ પતિનો ધર્મ છે એમ વાંચેલું, એ હૃદયમાં રમી રહ્યું. સત્યનો શોખ તો હતો જ. એટલે પત્નીને છેતરાય તો નહીં જ. એથીયે બીજી સ્ત્રી સાથે સંબંધ ન થાય એ પણ સમજાયું હતું. નાનકડી ઉંમરે એકપત્નીવ્રતનો ભંગ થવાનો સંભવ બહુ થોડો જ હોય.

પણ આ સદ્વિચારોનું એક માઠું પરિણામ આવ્યું. જો મારે એકપત્નીવ્રત પાળવું જોઈએ તો પત્નીએ એકપતિવ્રત પાળવું જોઈએ. આ વિચારથી હું અદેખો ધણી બન્યો. ''પાળવું જોઈએ''માંથી ''પળાવવું જોઈએ'' એ વિચાર ઉપર આવ્યો અને જો પળાવવું જોઈએ તો મારે ચોકી રાખવી જોઈએ. મને કાંઈ પત્નીની પવિત્રતા વિશે શંકા લાવવાનું કારણ ન હતું, પણ અદેખાઈ કારણ જોવા ક્યાં બેસે છે ? મારી સ્ત્રી હંમેશાં ક્યાં જાય છે એ મારે જાણવું જ જોઈએ, તેથી મારી રજા વિના ક્યાંયે જવાય જ નહીં. આ વસ્તુ અમારી વચ્ચે દુઃખદ ઝઘડાનું મૂળ થઈ પડી. રજા વિના ક્યાંયે ન જવાય એ તો એક જાતની કેદ જ થઈ. પણ કસ્તૂરબાઈ એવી કેદ સહન કરે એમ હતી જ નહીં. ઇચ્છામાં આવે ત્યાં જરૂર મને પૂછ્યા વિના જાય. જેમ હું દાબ મૂકું તેમ તે વધારે છૂટ લે, અને તેમ હું વધારે ચિડાઉં. આથી, અમ બાળકો વચ્ચે અબોલા એ સામાન્ય વસ્તુ થઈ પડી. કસ્તૂરબાઈએ જે છૂટ લીધી તેને હું નિર્દોષ માનું છું. એક બાળા જેના મનમાં પાપ નથી એ દેવદર્શન જવા ઉપર કે કોઈને મળવા જવા ઉપર દાબ કેમ સહન કરે ? જો હું તેના ઉપર દાબ મૂકું તો તે મારા ઉપર કાં ન મૂકે ? - આ તો હવે સમજાય છે. ત્યારે તો મારે મારું ધણીપણું સિદ્ધ કરવું હતું.

પણ વાંચનાર એમ ન માને કે અમારા આ ઘરસંસારમાં ક્યાંયે મીઠાશ ન હતી. મારી વક્રતાનું મૂળ પ્રેમમાં હતું. મારે મારી પત્નીને આદર્શ સ્ત્રી બનાવવી હતી. એ સ્વચ્છ થાય, સ્વચ્છ રહે, હું શીખું તે શીખે, હું ભણું તે ભણે, અને અમે બન્ને એકબીજામાં ઓતપ્રોત રહીએ, એ ભાવના હતી.

કસ્તૂરબાઈને એ ભાવના હતી એવું મને ભાન નથી. તે નિરક્ષર હતી. સ્વભાવે સીધી, સ્વતંત્ર, મહેનતુ અને મારી સાથે તો ઓછું બોલનારી હતી. તેને પોતાના અજ્ઞાનનો અસંતોષ ન હતો. હું ભણું છું ને પોતે પણ ભણે તો સારું એવી એની ઇચ્છા મેં કદી મારા બચપણમાં અનુભવી નથી. એથી હું માનું છું કે મારી ભાવના એકપક્ષી હતી. મારું વિષયસુખ એક સ્ત્રી ઉપર જ નિર્ભર હતું અને હું તે સુખનો પ્રતિઘોષ ઇચ્છતો હતો. જ્યાં પ્રેમ એક પક્ષ તરફથી પણ હોય ત્યાં સર્વાંશે દુઃખ તો ન જ હોય.

મારે કહેવું જોઈએ કે હું મારી સ્ત્રી પરત્વે વિષયાસક્ત હતો. નિશાળમાંયે તેના વિચાર આવે, રાત્રી ક્યારે પડે અને ક્યારે અમે મળીએ એ વિચાર રહ્યા જ કરે. વિયોગ અસહ્ય હતો. મારી કેટલીક કાલીઘેલી વાતોથી હું કસ્તૂરબાઈને જગાડ્યા જ કરું. આ અસક્તિની જ સાથે જો મારામાં કર્તવ્યપરાયણતા ન હોત તો રોગથી પીડાઈ મૃત્યુને વશ થયો હોત, અથવા આ જગતમાં વૃથા જીવી રહ્યો હોત, એમ મને ભાસે છે. સવાર થાય એટલે નિત્યકર્મો તો કરવાં જ જોઈએ, કોઈને છેતરી ન જ શકાય, આવા મારા વિચારોથી હું ઘણાં સંકટોમાંથી બચ્યો.

હું જણાવી ગયો કે કસ્તૂરબાઈ નિરક્ષર હતી. તેને ભણાવવાની મને ઘણી હોંશ હતી, પણ મારી વિષયવાંછના મને ભણાવવા ક્યાંથી દે ? એક તો મારે પરાણે ભણાવવું રહ્યું. તે પણ રાત્રે એકાંતે જ થઈ શકે. વડીલોનાં દેખતાં તો સ્ત્રીના ભણી જોવાય જ નહીં. વાત તો થાય જ શાની ? કાઠિયાવાડમાં લાજ કાઢવાનો નકામો અને જંગલી રિવાજ ત્યારે હતો, આજે પણ ઘણે ભાગે મોજૂદ છે. એટલે ભણાવવાના સંજોગો પણ મારે સારુ પ્રતિકૂળ. તેથી જુવાનીમાં મેં ભણાવવાના જેટલા પ્રયત્નો કર્યા તે બધા લગભગ નિષ્ફળ ગયા એમ મારે કબૂલ કરવું જોઈએ. જ્યારે હું વિષયની ઊંઘમાંથી જાગ્યો ત્યારે તો હું જાહેર જીવનમાં ઝંપલાવી ચૂક્યો હતો, એટલે બહુ વખત આપી શકું એવી મારી સ્થિતિ રહી ન હતી. શિક્ષક મારફતે ભણાવવાના મારા પ્રયત્નો પણ નિષ્ફળ ગયા. પરિણામે આજે કસ્તૂરબાઈની સ્થિતિ માંડ કાગળ લખી શકે ને સામાન્ય ગુજરાતી સમજી શકે એવી છે. જો મારો પ્રેમ વિષયથી દૂષિત ન હોત તો આજે તે વિદુષી સ્ત્રી હોત એવી મારી માન્યતા છે. તેની ભણવાની આળસને હું જીતી શકત. શુદ્ધ પ્રેમને કંઈ જ અશક્ય નથી એમ હું જાણું છું.

આમ, સ્વસ્ત્રી સાથે વિષયી છતાં હું પ્રમાણમાં કેમ બચી શક્યો તેનું એક કારણ બતાવી ગયો. બીજું પણ એક નોંધવા જેવું છે. સેંકડો અનુભવોથી હું એ તારણ કાઢી શક્યો છું કે જેની નિષ્ઠા સાચી છે તેને પ્રભુ જ ઉગારી લે છે. હિંદુ સંસારમાં બાળલગ્નનો ઘાતકી રિવાજ છે, તેની જ સાથે તેમાંથી થોડી મુક્તિ મલે એવો રિવાજ પણ છે. બાળક વરવધૂને માબાપ લાંબો વખત સાથે રહેવા દેતાં નથી. બાળસ્ત્રીનો અરધાથી વધારે વખત તેના પિયરમાં જાય છે. આવું જ અમારે વિશે પણ બન્યું. એટલે કે, ૧૩ થી ૧૯ વર્ષની ઉંમર દરમિયાન અમે છૂટક છૂટક મળી ત્રણ વર્ષથી વધારે કાળ સાથે નહીં રહ્યાં હોઈએ. છઆઠ મહિના રહીએ એટલે માબાપનું તેડું હોય જ. એ વેળા તો એ તેડું બહુ વસમું લાગતું, પણ તેથી જ અમે બન્ને બચી ગયાં. પછી ૧૮ વર્ષની ઉંમરે તો હું વિલાયત ગયો, એટલે એ સુંદર ને લાંબો વિયોગ આવ્યો. વિલાયતથી આવીને પણ સાથે તો છ એક માસ જ રહ્યાં હોઈશું, કેમ કે મારી રાજકોટ-મુંબઈ વચ્ચે આવજા થતી. તેટલામાં વળી દક્ષિણ આફ્રિકાનું તેડું આવ્યું. દરમિયાન હું સારી પેઠે જાગ્રત થયો હતો.

'સત્યના પ્રયોગો', આત્મકથા પૃ. ૮ ❑

## (૬) આપણે કેળવણીનું માળખું બદલવું પડશે

શ્રીમોટા

ઘણાં વર્ષો મેં શિક્ષકનું કામ કર્યું છે. હરિજન સેવક સંઘમાં વિદ્યાર્થીઓને બાળમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણની તાલીમ આપી છે અને ગુજરાત વિદ્યાપીઠમાંથી નીકળીને પણ શિક્ષણકાર્ય જ કર્યું છે. તે વખતે કેળવણીમાં, શિક્ષણમાં અક્ષરજ્ઞાન માત્ર ન હતું, પણ તે ઉપરાંત જીવનમાં ગુણ અને ભાવ પ્રગટે એવા અનુભવોવાળી તાલીમ પણ ખરી. ભૂગોળ, ઈતિહાસ ભણાવવાની સાથે બાળકોને જંગલોમાં, નદીઓમાં પણ લઈ જતાં. જંગલોમાં ઝાડો પર ચઢવું, વસવાટ કરવો, બાળકોમાં સાહસ, હિંમત, મર્દાનગી જેવા ગુણો કેળવવા અને તે પણ વગર પૈસે.

આજે જુઓ તો આપણા દેશમાં જ નહિ પણ દુનિયાભરના દેશોમાં સ્વચ્છંદતા પ્રસરી છે. ગુજરાતના બધા વાઈસ ચાન્સેલરોને એકઠા કર્યા અને સમજાવ્યું કે વિદ્યાર્થીઓમાં સાહસ, ધૈર્ય, અભય, મર્દાનગી વગેરે ગુણો કેળવવા જોઈએ. લગભગ દસબાર મુદ્દાઓની યોજનાઓ છે. તો તેઓ કહે કે બહુ ઉત્તમ વિચાર છે, પણ પૈસાની મદદ તો અપાય એમ નથી.

પોતાનો છોકરો બગડી જાય તો મનમાં સંતાપ થાય કે નહિ ? તો પછી હું ભગવાનનો માણસ હોંઉ અને આ સમાજમાં બેઠેલો મારો ભગવાન આડો અવળો થાય તો એ પ્રત્યે મારાથી બેકાળજી કેમ રખાય ? ધર્મની ભાવનાથી જ આ સમાજ બેઠો થઈ શકશે. એની મને અનુભવથી ખાતરી થઈ છે. રાજકીય અને કેળવણીક્ષેત્રે મેં વીસ વર્ષ કામ કર્યું છે. ધર્મનાં બે લક્ષણો છે. "ત્યાગ અને પરમાર્થ" ભગવાનનું સ્મરણ કરીએ પણ ચોવીસે કલાક સ્વાર્થમાં જ રચ્યાંપચ્યાં રહીએ તો એ શી રીતે થાય ?

વિદ્યાર્થીકાળથી જ ત્યાગ અને પરમાર્થના સંસ્કાર રેડો પણ ભારતમાં ઘણાં દુઃખ આવશે. એ સિવાય સમાજ જાગ્રત ન થાય. એક સમય એવો આવશે કે દેશમાં બધે અવ્યવસ્થા અને અંધાધૂંધી પ્રવર્તશે અને પછી એક કાળ એવો પણ આવશે કે હિંદુસ્તાન સુખી થશે, પણ એ બહુ લાંબાકાળે થશે. પાંચ પચીસ વર્ષમાં નહિ થાય. (આ શબ્દો જુલાઈ, ૧૯૬૮ના છે-સં.) આપણામાં તો સ્વરાજ સાચવવા જેટલીયે લાયકાત નથી. આપણે દેશના નાગરિક ખરાં પણ દેશ પ્રત્યે નાગરિકતા જેવી ભક્તિ આપણામાં જાગી નથી.

બીજા દેશોમાં જુઓ. યુરોપ, ફ્રાંસ, જર્મની, જાપાન એ બધા દેશોમાં બાળકોમાં કેવા સંસ્કાર રેડી દીધા. દેશભક્તિ માટે આપણે પ્રેમથી ત્યાગ કરીએ એવા સંસ્કાર હજી કેળવાયા નથી. એ કેળવણીથી આવે, પણ એ માટે કેળવણીનું માળખું બદલી નાખવું પડશે, પણ આપણું કેમનસીબ છે કે ક્રાંતિ આવે એવું માળખું નથી, કારણ કે દેશનેતાઓ માંહોમાંહે લડવામાં અને કેટલાય કોયડાઓમાં પરોવાયેલાં છે.

આપણો દેશ શિક્ષણ દ્વારા જ બેઠો થવાનો છે, પરંતુ તે શિક્ષણમાં રાગદ્વેષ કે પક્ષાપક્ષી હોવા ના જોઈએ અને તો જ જીવનનું પુષ્પ ખીલી શકશે. મારી પાસે તો પૈસા નથી, તે છતાં ચાર લાખનું સાહસ કર્યું. નર્મદા નદીમાં ૨૫ માઈલ તરવાની દર વર્ષે હરિફાઈની યોજના છે. ગુજરાતી ભાષામાં જ્ઞાનગંગોત્રી શ્રેણી રચવાની યોજના સૂઝી. તેનું હિંદીમાં ભાષાંતર પણ કરાય.

'સ્વજનોને સંબોધન', પ્ર. આ; પૃ. ૬૬ ❑

"अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।"
ભ.ગી.અ.૯/૧૧

મેં મનુષ્ય દેહ ધારણ કરેલો છે એટલે મૂઢ લોકો મને જાણી શકતા નથી. મારી અવજ્ઞા કરે છે.

...હું મનુષ્ય ન હોવા છતાં પણ લોકો મને મનુષ્ય માને છે, માટે હે ધનંજય ! માત્ર સ્થૂળ દૃષ્ટિથી જોવું એ તો વ્યર્થ જ છે. કેટલાક અજ્ઞાની લોકો સ્થૂળ દૃષ્ટિથી મને જાણવાનું કહ્યા કરે છે, પરંતુ તેમનો એ ભ્રમ યથાર્થ જ્ઞાનની આડે જ આવે છે.

હું સાકાર છું એમ માનીને જેઓ પ્રપંચમાં રચીપચી રહે છે, તેઓ ચંદ્રને બદલે તેના પાણીમાં પડેલા પ્રતિબિંબને પકડવા ઈચ્છનાર અને મથનાર પ્રમાણે જ ભૂલથાપ ખાતા હોય છે. લોકો માયામોહિત મનોવૃત્તિથી સંસારમાં જ હું છું એમ ભ્રાંતિથી માનીને, ત્યાંની જન્મ-મરણ આદિ સ્થિતિ મને પણ વળગેલી છે, એમ વૃથા જ સમજે છે.

નામરહિત, ક્રિયારહિત તથા દેહરહિત એવો જે હું, તેને લોકો નામધારી, કર્મકર્તા અને દેહધર્મોથી યુક્ત એવો સમજે છે,તે જ પ્રમાણે તેઓ એવી કલ્પના કરે છે કે મને નિરાકારને આકાર છે, નિરુપાધિકને ઉપચાર છે, કર્તવ્યરહિતને વ્યવહાર છે, જાતિરહિતને જાત, ગુણાતીતને ગુણ, ચરણરહિતને ચરણ, હસ્તરહિતને હસ્ત, પરિમાણાતીતને પરિમાણ તથા સર્વવ્યાપકને એકસ્થાનીય ગણે છે. વળી, મને કર્ણરહિતને કર્ણ, નેત્રરહિતને નેત્ર, ગોત્રરહિતને ગોત્ર, નિરાકારને રૂપ, અવ્યક્તને વ્યક્તિ, નિરિચ્છને ઈચ્છા અને હું જે સ્વયંમેવ તૃપ્ત છું તેને તૃપ્ત કરવાની કલ્પના કરે છે. સર્વજગતને આચ્છાદિત કરનાર એવા મને વસ્ત્રરહિત માનીને તેઓ વસ્ત્ર પહેરાવે છે. હું ભૂષણાતીત હોવા છતાં મને તેઓ અલંકાર પહેરાવે છે. જગતને ઉત્પન્ન કરનારને મને અન્યનો ઉત્પન્ન કરેલો માને છે.

હું સ્વયંમેવ હોવા છતાં મારી મૂર્તિઓ બનાવે છે. હું સ્વતઃ સિદ્ધ હોવા છતાં મારી પ્રાણપ્રતિષ્ઠા કરે છે અને હું નિત્યસર્વત્ર હોવા છતાં, તેઓ મારું આવાહન-વિસર્જન કરે છે ! હું નિરંતર નિરાકાર, સ્વતઃ સિદ્ધને તેઓ બાલ્ય, તારુણ્ય અને વૃદ્ધાવસ્થા લાગુ પાડે છે.

હું અદ્વૈત હોવા છતાં મારામાં દ્વૈત માને છે. હું કંઈ પણ ન કરનાર હોવા છતાં મને કર્મ કરનારો અને હું કાંઈ પણ ખાતો ન હોવા છતાં મને ખાનારો માને છે. મને કુળ-ગોત્ર ન હોવા છતાં લોકો મારા કુળનું વર્ણન કરે છે. હું નિત્ય હોવા છતાં હું મરું છું એમ માનીને મારા મરણનો શોક કરે છે.

હું સર્વના અંતઃકરણમાં વસી રહેલો હોવા છતાં મને અમુકનો શત્રુ અને અમુકનો મિત્ર કલ્પી લે છે. હું સર્વ સ્થળે સમાન રીતે વ્યાપ્ત હોવા છતાં મને એકદેશીય કિંવા એક સ્થળે વસનારો ધારે છે. હું સર્વ સ્થાવર-જંગમનો આત્મા હોવા છતાં મને એકનો સંરક્ષક અને એકનો સંહારક માનીને સર્વત્ર મારી પ્રસિદ્ધિ કરે છે !

આ પ્રમાણે સર્વ ક્ષુદ્ર મનુષ્યધર્મ મને વળગેલા છે, એવું તેમનું વિપરીત માનવું (જ્ઞાન) હોય છે. મને આ પ્રમાણે તેઓ મનુષ્ય જ માનતા હોવાથી ખરી રીતે તેમનું તે જ્ઞાન જ સત્ય જ્ઞાનની આડે આવે છે.(૧૭૧)

'શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા', ૨૦મી આ. પૃ. ૨૬૫ ❑

# (૮) વિચક્ષણ વિરલ વ્યક્તિ સદ્‌ગતશ્રી મનસુખભાઈ

કરશનભાઈ પટેલ

મારા નિત્યાનંદ ઉપરના એક અજાણ્યા સાધુ સાથેની વાતચીત અને વ્યવહારથી માણસને પારખવાની શ્રી મનસુખભાઈની વિચક્ષણ શક્તિનો મને અનુભવ થયો હતો. અન્ય એક બે વખતની મુલાકાતમાં મેં એમની આ શક્તિ પારખેલી અને આ માણસ હરિઃૐ આશ્રમનાં કાર્યોમાં ખૂબ ઉપયોગ થઈ પડશે એમ મનમાં ઠસી ગયેલું, એ સમયે હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી મંડળના પ્રમુખ તરીકેની જવાબદારી મારા શિરે હતી. એમને ટ્રસ્ટી તરીકે લેવાનો પ્રસ્તાવ જ્યારે મેં ટ્રસ્ટી મંડળમાં મૂક્યો અને અન્ય સ્વજનોને પણ વાત કરી ત્યારે લગભગ બધાએ એમને લેવા સામે વિરોધ દર્શાવ્યો.

એમનું કહેવું એમ હતું કે મનસુખભાઈ પૂજ્ય મોટાના અનન્ય ભક્ત છે એ વાત સાચી, એમણે ઉત્સવ પણ કર્યો છે. નડિયાદ આશ્રમ તરફથી, સૌરાષ્ટ્રની સંસ્થાઓ તરફથી આવેલી દાનની અરજીઓનાં સ્થળ પર નિરીક્ષણ કરી રિપોર્ટ આપવાનું કામ તેઓ કરે છે, એટલે કામનો અનુભવ છે એ વાત પણ સાચી, ખૂબ કાબેલ વ્યક્તિ છે, ઝડપથી નિર્ણયો લે છે, કોઈની શેહમાં દબાતા નથી, એકલે હાથે અનેક કામો કરે છે ને કરી શકે છે એ બધું બરાબર, પણ આ જ ગુણો આપણને નડે. એ કેવી રીતે ? તેઓ મૂળ સૌરાષ્ટ્રના છે ને સૌરાષ્ટ્રની અનેક જાણીતી સંસ્થાઓના સંચાલકો સાથે સારી વગ ધરાવે છે. પરિણામે આપણા આશ્રમના પૈસા એ સંસ્થાઓને દાનમાં આપવાની ભલામણો કરે ને આપણા બધા ફંડ ખલાસ કરી નાખે.

ભય સાવ અસ્થાને ન હતો. વિરોધમાં વજૂદ હતું. મેં મનસુખભાઈને સ્વજનો-ટ્રસ્ટીઓના ભયની વાત કરી ઉપરાંત, આશ્રમની હાલની ભંડોળની જે રકમ છે એમાં એક રૂપિયાનો પણ ઘટાડો તેમના કારણે ન થવો જોઈએ એમ પણ તેઓને મેં જણાવ્યું. એમને તો સેવા જ કરવી હતી. એમણે બાંયધરી આપી અને એમને ટ્રસ્ટી તરીકે લેવામાં આવ્યા.

બાર મહિનાના ટૂંકાગાળામાં એમણે ઘણાં કામો પાર પાડ્યાં. અધકચરી ખોટી અરજીઓની ખૂબ ઝીણવટભરી તપાસ કરી સંચાલકોને ઠપકારવા માંડ્યા. એમાંના કેટલાક તો દક્ષિણ ગુજરાતના જાણીતા સમાજસેવકો હતા. મેં એમની કડકાઈ વિશે મને મળેલી ફરિયાદો પ્રત્યે ધ્યાન દોર્યું, તો કહે ગમે તેવડો મોટો સમાજસેવક કે નેતા હોય તોય મારે મન પૂજ્ય મોટાથી મોટું કોઈ નથી ને આપણા આશ્રમનો એક પણ રૂપિયો ખોટી રીતે આપણને છેતરીને લઈ જાય તે ચલાવી લેવાય નહીં.

આ વાત પરથી એક પ્રસંગ યાદ આવે છે. આશ્રમે, નર્મદા નિગમનાં બૉન્ડ ખરીદેલા, જે ટ્રસ્ટી હિસાબ-કિતાબનું કામ સંભાળતા હતા, એમણે એમને વ્યવસ્થિત રીતે પૅક કરી તિજોરીમાં સાચવી રાખેલા. જ્યારે જોયા ત્યારે એમની પાકતી મુદત પછી ઘણા મહિના વીતી ગયા હતા. સમયસર એમને વટાવી એ રકમ જો બૅંકમાં ફીક્ષ ડિપૉઝિટમાં મૂકી હોત તો વ્યાજ

મળત, જે આશ્રમે ગુમાવ્યું. હું, મનસુખભાઈ અને ટ્રસ્ટી અવાચક ! અજાણતા, બિનઇરાદે કોઈ ટ્રસ્ટીની ભૂલ થાય, ને તે બદલ આશ્રમને આર્થિક નુકસાન થાય તો એને માટે જે તે વ્યક્તિ જવાબદાર ગણાતી નથી, એને માફ કરવામાં આવે છે, એવી સામાન્ય રીતે સંસ્થાઓમાં પ્રથા હોય છે, પણ આ તો પૂજ્ય મોટાનો આશ્રમ. પાઈ પાઈ, રૂપિયા રૂપિયા માટે દેહ ઘસી નાખનાર સંતનો આશ્રમ. મનસુખભાઈએ રકમનું વ્યાજ ગણી કાઢ્યું. મને કહે મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે સૌથી વધુ જવાબદારી તમારી એટલે તમે બાર હજાર ભરો ને હું તેર હજાર ભરીશ અને તેમ જ થયું. અમારી બાઘાઈ બહાર ન પડે એટલે વાત ખાનગી રાખવામાં આવી પણ આશ્રમને પાઈનું પણ નુકસાન ન થાય એની કાળજી મનસુખભાઈએ લીધી. મને દિલમાં અપાર શાંતિ થઈ કે, જે લોકોને ડર હતો કે મનસુખભાઈ આશ્રમના પૈસા દાન આપી વેડફી દેશે એ કેટલા ખોટા હતા.

એમની કુશાગ્રબુદ્ધિ અને બારીક નિરીક્ષણશક્તિ વિસ્મય પમાડે એવી હતી. આ રહ્યો એ સાબિત કરતો પ્રસંગ.

૧૯૯૮માં પૂજ્ય મોટાનો જન્મશતાબ્દી ઉત્સવ ઊજવવાનો હતો. એ પ્રસંગે એમના જીવન પર એક વીડિયો કેસેટ બનાવવાનું આશ્રમે વિચાર્યું અને એ માટે એક વીડિયોગ્રાફરને લઈ હું અને મનસુખભાઈ, પૂજ્ય શ્રીમોટા એમના ગુરુ ધૂળીવાળા કેશવાનંદજીને મળવા જ્યાં ગયા હતા તે મધ્યપ્રદેશના સાંઈખેડા ગામે ગયા. પૂજ્ય શ્રી કેશવાનંદજીના સમાધિસ્થળની સ્થિતિ જોઈ રડવું આવે. આજુબાજુની જમીન લોકોએ પચાવી પાડી છે અને અનેક ઘર ત્યાં ઊભાં થઈ ગયાં છે. આડા દિવસે ભાગ્યે જ ત્યાં કોઈ દર્શન કરવાં આવતું હોય એવું લાગ્યું.

અમે સ્થળની વીડિયોગ્રાફી કરતા હતા તે વખતે એક આધેડ વયની વ્યક્તિ ત્યાં આવી અને અમને પૂછતાં એણે જાણ્યું કે અમે નડિયાદવાળા પૂજ્ય શ્રીમોટાના આશ્રમ તરફથી આવીએ છીએ અને પૂજ્ય શ્રીમોટાએ જે જે સ્થળોએ સાધના કરેલી તેની ફિલ્મ ઉતારીએ છીએ. ત્યારે એણે અમને કહ્યું કે, ‘‘હું તો પૂજ્ય મોટાને ખૂબ સારી રીતે ઓળખું છું. તેઓ અહીં આવે ત્યારે મારે ત્યાં જ રહેતા અને ખાતા પીતા. છેલ્લે જ્યારે તેઓ ગયા ત્યારે એમનાં કપડાંની પોટલી મને આપતા ગયા છે, કાલે તમે મારે ત્યાં આવો તો હું તે તમને બતાવીશ.’’

અમારી દાઢ સળકી. અણધારી ચીજ મળવાનો આનંદ થયો. એના ઘેર જતાં એક ખખડધજ કબાટમાંથી પીળાં પડી ગયેલાં સફેદ જર્જરિત કપડાંની નાનકડી પોટલી એણે અમને આપી. મનસુખભાઈએ ખૂબ કાળજીપૂર્વક ખોલી અંદર પીળું પડી ગયેલું સફેદ ખાદીનું પહેરણ હતું અને ટૂંકું ધોતિયું. સાથે રુદ્રાક્ષની માળા હતી અને નાનકડું શિવલિંગ. એક પંચધાતુની વીંટી હતી અને બે ચાર ઝીણી ઝીણી ચીજો. અમે અહોભાવથી એ બધું જોઈ રહ્યા હતા. મારા મનમાં સંશયનો કીડો સળવળ્યો. શી ખાતરી કે આ ચીજો પૂજ્ય મોટાની જ છે ? પૂજ્ય મોટાએ સાધનાકાળમાં ક્યારેય રુદ્રાક્ષની માળા કે શિવલિંગનો ઉલ્લેખ કર્યો જ નથી. એમણે તો

નામસ્મરણ પર જ ભાર મૂક્યો છે. મનસુખભાઈ અચાનક ઊભા થઈ ગયા. મને કહે ચાલો જઈએ. પેલાને કહે અમે કલાકેકમાં આવીએ છીએ. આ ચીજો લઈ જઈશું ને તને રાજી કરીશું.

ગાડી ગામની બહાર લેવડાવતાં મને કહે, મહાધૂર્તથી બચ્યા. આપણી બુદ્ધિ કેમ આટલી બહેર મારી ગઈ કે આપણે એની વાતમાં આવી ગયા ? મેં કહ્યું, "સમજાવો." તો કહે, "આ વર્ષ છે ૧૯૯૮નું, પૂજ્ય મોટા અહીં ૧૯૨૩માં આવેલા એટલે કે બરાબર ૭૫ વર્ષ પહેલાં. એ વખતે આ માણસ ૨૫ વર્ષનો હોય તો આજે સો વર્ષનો ડોસો હોય. જ્યારે એ તો માંડ ૫૦-૬૦ વર્ષનો દેખાય છે. પૂજ્ય મોટા અહીં આવ્યા એ પછી ૪૦ વર્ષ પછી તો એ જન્મ્યો અને આપણને કહે છે કે મોટા મારે ઘેર ઊતરતા. કેવા ઉલ્લુ બનાવ્યા આપણને ?"

એમના મૃત્યુના એક વર્ષ અગાઉ રામનવમીના ઉત્સવ પછી હું એમને મળવા ગયો. ઉત્સવના એમને સમાચાર આપ્યા. પછી એમની સેવામાં રહેલા એમના ભત્રીજાને મેં રૂમ છોડી જવા વિનંતી કરી. અમે બે એકલા પડતાં મેં એમના બેઉ હાથ મારા હાથમાં લીધા ને કહ્યું મનસુખભાઈ હવે હું જે બોલવાનો છું એ મારા શબ્દો નથી. મને કોઈ બોલાવી રહ્યું છે ને તે હું તમને જણાવું છું. તમે આવતી રામનવમી જોવાના નથી માટે જવાની તૈયારી કરો. ડૉક્ટરો બંધ, દવા બંધ, અસહ્ય દર્દ માટે ડાયાલિસીસ કરાવવું ચાલુ રાખો, પણ સાજા થવાના ઉપચાર બંધ. નંદુભાઈ ગયા, ઝીણાકાકા ગયા, પૂજ્ય મોટાને જે પ્રિય હતાં એવાં અનેક સ્ત્રી-પુરુષો વિદાય લઈ ચૂક્યાં છે. પૂજ્યશ્રીના નવા અવતારના એ પાર્ષદો હશે. પૂજ્ય શ્રીમોટા તમો પણ એ ટોળીમાં ભળો એવું ઇચ્છતા હશે, નહિ તો આવી જીવલેણ બીમારી ભરયુવાનીમાં તમને લાગુ ન પડે. આ મારી સમજ અને મારું અર્થઘટન છે. એની પર વિચાર કરજો ને એમાં થોડુંક પણ તથ્ય લાગે તો હવે જિજીવિષા છોડી પ્રયાણની તૈયારી કરો.

ખૂબ નજીકની અંગત વ્યક્તિને કહી શકાય એવા આ શબ્દો હતા. એમણે મારા બેઉં હાથ જોરથી દાબ્યા ને હસ્યા. એમની અને મારી આંખોમાં આંસુ હતાં.

'સંભારણાં', પૃ. ૯૬ ❑

## મુશ્કેલીની હકીકત

**શ્રીપ્રભુકૃપાથી મળેલા - થયેલા નિમિત્ત સંબંધોના જીવોમાં શ્રીપ્રભુ પરત્વે અભિમુખતા કંઈક પ્રગટાવી શકાય તો જીવ્યું સાર્થક એવી જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના આ જીવની છે, પરંતુ તેમાં સામે પક્ષેથી એટલા જ જીવંત સહકારની અપેક્ષા રહેલી હોય છે. જે મુશ્કેલીની હકીકત અનુભવે જણાયેલી છે.**

**તોપણ આ જીવ તેમના તેમના પરત્વે તેમનું તેમનું સ્મરણ થતાં, તેવા સ્મરણના નિમિત્તે ત્યારે ત્યારે સહૃદયતાભરી પ્રાર્થના કર્યા કરવાનું કદી ચૂકતો નથી. એવી પ્રાર્થના પણ સંસ્કાર છે.**

**શ્રીમોટા**

'શ્રદ્ધા', બી.આ., પૃ.૩૪ ❑

## (૯) ગગને આજ પ્રેમની ઝલક છાઈ અંગે

**શ્રીમોટા**

મણિભાઈ નભુભાઈ બહુ મોટા માણસ થઈ ગયા. સંગીત સુંદર જાણતા. કવિ વિદ્વાન તરીકે જાણીતા. ધર્મની વર્લ્ડ કૉન્ફરન્સ થયેલી. ત્યાં ધર્મો પરના નિબંધો મંગાવેલા. એમાંથી મણિભાઈ નભુભાઈનો નિબંધ પ્રથમ નંબરે આવેલો. ''સુદર્શન'' નામનું માસિકપત્ર કાઢતા. એમાં ઊંચી જાતની ચર્ચા આવતી.

મણિભાઈ માત્ર વૈચારિક ન હતા. એ પ્રૅક્ટિસ પણ કરતા હતા. પણ એમનામાં એક ડ્રૉબેક (=દોષ) એવો હતો કે લોકોએ એમને ધિક્કારી કાઢ્યા. એક શિક્ષિકા હતી. એની સાથે તેમને સંબંધ હતો. તેથી લોકોએ એમને ફિટકાર્યા પણ એમને કશું લાગે નહિ. એમના મોઢે કહે તોપણ એમને બિલકુલ લાગે નહિ.

દુનિયાની દૃષ્ટિએ આવીપડતી સ્થિતિમાં પણ પોતે મર્દ તરીકે શૂરવીર એકલો ગાજતો હતો. એમના પરિચયમાં હું બહુ નહિ આવેલો. મેં જોયેલા ખરા.

હું જ્યારે ભણતો હતો ત્યારે મણિભાઈની લખેલી એક કવિતા **''ગગને આજ પ્રેમની ઝલક છાઈ !''** મારા જાણવામાં આવેલી. આનંદ શંકરભાઈ જેવા અને બીજા બધા આપણા સાહિત્યના મહાન પુરુષોએ આ કવિતાને મોટા અનુભવની કવિતા કહી હતી. હું તો નડિયાદમાં રહેલો. એમના જીવનની હકીકત મેં જાણેલી. આધ્યાત્મિક દૃષ્ટિએ એ પ્રૅક્ટિસ કરતા હતા, એ વાત સાચી. એમણે નીચે મુજબનો એક પ્રયોગ પણ કરેલો.

મણિભાઈના એક મિત્ર જામનગરમાં હતા. એને કહ્યું કે, ''હું આટલા વાગ્યે અહીં બેસું છું. તું એટલા વાગ્યે ત્યાં બેસજે. મારા તરફ એકાગ્રતા રાખજે. મારી મૂર્તિનું ધ્યાન ધરજે. હું તને સંબોધીને બોલીશ. એ તું કેવું સાંભળે છે, તે મને લખજે. પછી નડિયાદમાં મણિભાઈ સાહેબ જે બોલ્યા એ બધું કોકની પાસે લખાવી લીધું. એ પછી જામનગરથી એ મિત્રનો કાગળ આવ્યો. તો બેઉ સરખે-સરખું. આવી ટેલિપથીનો એમણે બે-ચાર ઠેકાણે પ્રયોગ કરેલો. હું અમસ્તો એક બે વાર મળેલો.

''ગગને આજ પ્રેમની ઝલક છાઈ'' એ મારે બી.એ.માં ભણવામાં આવતું હતું. બધા જ પ્રોફેસર તો બહુ બોલે, આઠ દિવસ સુધી એના પર ભાષણ ચલાવે. મારા મનમાં થયું કે આ લોકો આટલું બધું પ્રિસ્ટીપેશન શું જોઈને કરતા હશે ? હું વિદ્યાર્થી રહ્યો એટલે મોઢેથી તો બોલાય નહિ.

પરીક્ષામાં એ જ ગીત પર પ્રશ્ન આવ્યો અને મેં એ ગીત વિશે લખ્યું કે, ''આ અનુભવનું ગીત જ નથી. આ કોક પાર્થિવ હકીકતનું ગીત છે. એમ મેં તો લખ્યું. આમાં પ્રેમપાત્ર એ કોઈ વ્યક્તિ છે. એને માટે એમને પ્રેમ થયેલો છે. એ પ્રેમને વ્યક્ત કરવા આ ગીત લખાયું છે. એમ મેં ઘણું વિચારથી લખેલું.''

મારા પ્રોફેસરે મને બોલાવેલો અને કહ્યું, ''અલ્યા ચૂનીલાલ, આ તેં શું લખ્યું ?'' મેં તો

કહ્યું, "મને જે સાચું લાગ્યું છે, એ મેં લખ્યું છે. મેં હકીકત જાણેલી છે. એટલે મેં લખેલું છે. એમ ને એમ લખ્યું નથી."

પ્રોફેસરે મને કહ્યું કે તું નાપાસ થઈશ. આના પર ચોકડી મળશે. મેં કહ્યું, "ભલે, તેથી હું ગભરાતો નથી. મેં લખ્યું છે એ બધું જ સાચું છે."

પ્રોફેસર કહે કે "આટલા બધા માણસો આનંદશંકરભાઈ જેવા - આના પર ફિદા થયા છે !"

મેં કહ્યું કે બધા ફિદા થાય માટે આપણે ફિદા થઈ જવું એ હું માનતો નથી. આપણે એની વસ્તુસ્થિતિ તપાસીએ, એનાં અંગ-ઉપાંગો તપાસીને એવું માનીએ તો એ વાત બરોબર છે, પણ આ ગીતમાં આત્માનો અનુભવ નથી. મને નાપાસ કરેલો. મણિભાઈ થોડોક વખત લાઠીમાં રહેલા. થોડોક વખત ભાવનગરમાં રહેલા. વડોદરા રાજ્યમાં કામકાજ અંગે રહેલા. પણ બહુ મસ્ત માણસ. સ્વતંત્રમિજાજી માણસ. પણ એમને કોઈ ઓળખી નહિ શકેલા.

'ગ્રહ-ગ્રહણ', પ્ર. આ., પૃ. ૬ ❑

- **શ્રીપ્રભુની ભાવના વિના એક પળવાર પણ જો સૂનાં રહ્યાં તો આપણે અભડાયાં એમ ગણવું ને માનવું.**
- **જીવ પ્રકૃતિમાંથી દૈવી પ્રકૃતિમાં જવું તેનું જ નામ સાધના.**
- **જે જીવ બીજાને આનંદ આપે છે તેનેયે આનંદ મળે છે.**

'જીવન સોપાન' બી.આ.પૃ.૧૬૦,૧૫૮,૧૮૮ **શ્રીમોટા**

## (૧૦) તું મારો બનીને તો જો

**ભક્ત કવિ**

મારા માર્ગ ઉપર પગ રાખીને તો જો
તારા સર્વ માર્ગ ખોલી ન દઉં તો કહેજે...

મારા માટે ખર્ચ કરીને તો જો
કુબેરના ભંડારને ન ખોલી દઉં તો કહેજે...

મારા તરફ આવીને તો જો
તારું ધ્યાન ન રાખું તો કહેજે...

મારી વાતો લોકોને કરીને તો જો,
તને મૂલ્યવાન બનાવી ન દઉં તો કહેજે...

મારા ચારિત્ર્યનું મૂલ્યગાન કરીને તો જો,
જ્ઞાનનાં મોતી તારામાં ભરી ન દઉં તો કહેજે...

મને તારો મદદગાર બનાવીને તો જો,
તને બધાની ગુલામીમાંથી મુક્ત ન કરાવું તો કહેજે...

મારા માટે આંસુ પાડીને તો જો,
તારા જીવનમાં આનંદનો સાગર ન વહાવું તો કહેજે...

મારા માટે કંઈક બનીને તો જો
તને કીમતી ન બનાવી દઉં તો કહેજે...

સ્વયંને ન્યોછાવર કરીને તો જો,
તને મશહૂર ન કરી દઉં તો કહેજે...

મારું કીર્તન કરીને તો જો,
જગતનું વિસ્મરણ ન કરાવી દઉં તો કહેજે...

તું મારો બનીને તો જો,
દરેકને તારા બનાવી ન દઉં તો કહેજે...

# (૧૧) પદ્યપ્રસાદી

શ્રીમોટા

(અનુષ્ટુપ)

(૧)

પ્રભુનો વાસ હૈયામાં એમાં સુમેળ જો થશે,
સર્વ સાથે સુમેળ તો જીવવાનું જ નિશ્ચયે.
તેથી સુમેળ પોતામાં પહેલાં કરવો રહ્યો,
બીજાનું ફોડી લેવા દો પોતાને એની રીત સૌ.

(૨)

ફાવ્યા જો આપણામાં તો બીજામાં ફાવશું ખરે,
માટે કોઈ વિચારોને સેવવા મન ના ઘટે.
વિચારો જેટલા ઓછા આપમેળે થયા કરે,
ફૂલ શું હળવું ચિત્ત રે' પ્રસન્ન બધી રીતે.

(૩)

જેને ના છે કશી આશા કશા વિશે કદી મને,
એવાને કર્મને વિશે ક્યાંયે આરંભ ના રહે.
જ્યાં સુધી કૈંક આશા ને ઈચ્છાઓ દિલમાં રમે,
સર્વારંભપરિત્યાગી થવાયે નવ ત્યાં સુધી.

(૪)

એટલે કૈં કશા વિશે પ્હેલેથી આપણે કશું,
વિચારવાનું ના રે'તું તે તે ઊઠ્યા વિના કશું.
આપણામાં રહેલા જે સંસ્કારો કર્મના સદા,
પ્રેરાવે ને મથાવે છે એની રીતેથી કર્મમાં.

(૫)

ભાવના કર્મની સાથે ઊંડી ઊંડી રહ્યાં જતાં
જ્ઞાન ને કર્મ સંગાથે ભેળવાશે જ ભક્તિ ત્યાં
કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રિવેણીનો સુમેળ તે,
જમાવવો રહ્યો પૂરો સાધનામાંહી એ રીતે.

(૬)

બૅટરીને થતાં ખાલી ફરીથી ભરવી પડે,
ક્રિયા તે ભરવા એવી સાધના જાણવી હૃદે,
સાધનાથી નવી દૃષ્ટિ, પ્રાણ, ઉત્સાહ, સાહસ,
ચેતના, પ્રેરણા ઊંડા મળ્યાં સૌ કરતાં દિલ.

(૭)

સાધના, સંકળાયેલી રે'વી જીવનમાં ઘટે,
'જીવન' 'સાધના' બન્ને ઓતપ્રોત થવાં ઘટે,
સાધનાથી જુદું એવું ક્યાંયે ના જીવવાપણું,
જીવન સાધનાથી ના જુદું છે એમ જાણવું.

(૮)

જ્વલંત ઝંખના એવી જેના હૈયે જલી રહી,
કૈં ન દુર્લભ એવાને, એવો પ્રાપ્તિ કરે બધી,
મન, બુદ્ધિ અને ચિત્ત, પ્રાણ, વૃત્તિ, અહં બધાં
તેજસ્વી ઝંખના થાતાં ફેરવાયાં કરે સદા.

'કર્મગાથા', ચો. આ., પૃ.૨૨,૨૪,૨૮,૨૯,૩૦ ❑

## (૧૨) ભક્તરક્ષક શ્રીરંગ

ડૉ. અરુણ શેલત

પૂજ્ય શ્રીરંગ અવધૂત એક વખત સરખેજમાં બિરાજતા હતા. સરખેજથી થોડે દૂર રતનલાલના ખેતરમાં મુકામ હતો. રોજેરોજ સત્સંગ, ધૂન, ભજનની રમઝટ ચાલતી. આખું ગામ સાંજ પડે ખેતરમાં ઊતરી પડતું. આજુબાજુના ગામમાંથી પણ દર્શનાર્થીઓનો અવિરત પ્રવાહ ચાલુ રહેતો.

એક દિવસ એક ભક્તે આવીને કહ્યું, 'બાપજી, આપનાં પુનિત પગલાં મારા ઘરમાં પડે તેવી ભાવના છે.'

'જાવ, કાલે આરામ કર્યા પછી નીકળીશ.'

બીજે દિવસે પેલા ભક્ત સમયસર પૂજ્યશ્રીને લેવા આવ્યા. પૂજ્યશ્રી તૈયાર જ હતા. બીજા બે-ચાર ભક્ત સાથે પૂજ્ય પહેલા ભક્તને ઘેર ગયા. પૂજ્યશ્રીની પધરામણી કરી. હારતોરા, શ્રીફળ, પૂજા-આરતી કરી. તે સમયે દર્શન માટે આવેલ એક ભક્તે પૂજ્યશ્રીને પ્રાર્થના કરી, 'બાપજી! આપ મારું આંગણું પાવન કરો.' કોઈ પણ જાતની આનાકાની વગર પૂજ્યશ્રી ઊભા થયા અને ભક્તને ત્યાં ગયા. એમ કરતાં કરતાં પૂજ્યશ્રીએ ઘણા ભક્તોનાં ઘર પાવન કર્યા. છેવટે સંધ્યાકાળે મણિભાઈ ત્રિપાઠીને ત્યાં ગયા.

મણિભાઈને ઘેર તેમની મેડી ઉપર પૂજ્યશ્રી પાસે ઘણા બધા ભક્તો બેઠા હતા. પૂજ્યશ્રી હસતાં હસતાં વચ્ચે કોઈની હળવી મશ્કરી કરતાં કરતાં વાતોએ વળગ્યા. અંધારું ક્યારે થયું તેની ખબર ના રહી. પૂજ્યશ્રીએ બારી બહાર નજર કરી. ચારેબાજુ અંધારાના ઓળા ઊતરી આવ્યા હતા. પૂજ્યશ્રી એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા :-

'ચાલો, જય ગુરુદેવ દત્ત'.

એટલું બોલી દાદર તરફ ડગલાં ભર્યાં. પૂજ્યશ્રીએ દાદરો ઊતરવા માંડ્યો. માત્ર બે કે ત્રણ પગથિયાં ઊતર્યાં હશે ત્યાં તો પગથિયું ચૂકી ગયા અને સમતોલન ગુમાવી દેતાં લગભગ છેક ઉપરથી નીચે પડ્યા. પૂજ્યશ્રીના આખા શરીરનો ભાર જમણા હાથ ઉપર આવી ગયો. પરિણામે તે ભાંગી ગયો.

બધા ભક્તો ગાભરાગાભરા બની ગયા. કોઈને શું કરવું તેની સમજ પડતી ન હતી. બેત્રણ ભક્તોએ પૂજ્યશ્રીને બેઠા કર્યા અને નીચે હીંચકા ઉપર બેસાડ્યા. પૂજ્યશ્રીને અસહ્ય પીડા થતી હતી. છતાં પૂજ્યશ્રી ભક્તોને ગભરાઈ ગયેલા જોઈને ખડખડ હસી પડ્યા અને બોલ્યા :-

'અરે, બધા ચિંતા શું કામ કરો છો ? મને કાંઈ જ થયું નથી. **આ તો ખાલી હાથ જ ભાંગ્યો છે, એટલું જ. પણ મારા ભક્તનો પ્રાણ બચી ગયો. એને બચાવવા માટે ભગવાને મારો હાથ ભાંગ્યો.**

પૂજ્યશ્રીને સાંભળી બધા અવાક થઈ ગયા. તેમને થયું કે કયા ભક્તનો પ્રાણ બચી ગયો હશે ? એટલામાં પૂજ્યશ્રી બોલ્યા, 'અરે, ચાલો ચાલો હાડવૈદને ત્યાં.' બધા પૂજ્યશ્રીને હાડવૈદને ત્યાં લઈ ગયા. પાટો બંધાવ્યો. પૂજ્યશ્રી તો

જાણે કાંઈ જ ના બન્યું હોય તેમ હસતાં હસતાં બધા સાથે વાતો કરતા હતા.

થોડા સમય પછી પૂજ્યશ્રીના એક અનન્ય ભક્તના અદ્‌ભુત બચાવની બધાને જાણ થઈ.

મીંઢોળના ગોર લાભશંકર જોશીની જમીન, ડાકોર-અજુપુરા ગામમાં હતી. લાભશંકર અને બીજા બેત્રણ જણે ભેગા થઈ જમીન રાખી હતી. પાછળથી જમીન વહેંચણીમાં તકરાર થઈ. બીજા ભાગીદારોએ વિચાર્યું કે આ બ્રાહ્મણને આટલો મોટો ભાગ આપવો નથી. તેના અનુસંધાનમાં યોજના મુજબ એ લોકો લાભશંકરને ધમકીઓ આપવા લાગ્યા અને અજુપુરા છોડી દેવાની તાકીદ આપી.

પરંતુ ગોર, અવધૂત રંગે રંગાયેલા હતા. તેથી 'ડર' શબ્દ પાસે એમને ગોઠતું નહિ. તેઓ અજુપુરા બેધડક જતા અને ધમકીને વશ ના થયા. તેથી, તેના વિરોધીઓએ ગોરને પતાવી દેવાનું નક્કી કર્યું. આ માટે તેમણે મારાઓ તૈયાર કર્યા. મારાઓ મીંઢોળના જ હતા.

લાભશંકર અજુપુરાથી નીકળી માંજરોલ સ્ટેશને ઊતરી મીંઢોળ તરફ જાય ત્યારે રસ્તામાં કોતરો આગળ તેમનું ઢીમ ઢાળી દેવું. આ પ્રમાણે નક્કી થઈ ગયું.

આ બાજુ ગોર અજુપુરાથી નીકળી ડાકોર થઈ ગાડીમાં કરજણ ગામે ઊતર્યા. ત્યાંથી નાની ગાડી પકડી. ગાડીમાં તેમના મિત્ર ગોપાલદાસ પટેલ મળી ગયા. બન્ને વાતોએ વળગ્યા. વાતવાતમાં ખબર પડી કે ગોર તો માંજરોલ જવાના છે. એટલે ગોપાલદાસ બોલ્યા, 'અરે, ગોર બાપા ! તમે વચ્ચે સાધલી ઊતરી પડો. ત્યાં ડમણું મંગાવ્યું છે. વાતો કરતાં કરતાં મીંઢોળ પહોંચી જવાશે.'

લાભશંકર બોલ્યા, 'વિવાહથી રૂડું શું ? મજા આવશે.' બન્ને વાતો કરતાં કરતાં મીંઢોળ પહોંચી ગયા.

કોતરમાં બેસી રહેલા મારાઓ કંટાળી ગયા. ગાડી માંજરોલથી ઊપડી ગયે પણ ઘણો સમય વીતી ગયો. એટલે મારાઓ બહાર નીકળ્યા. છેક સ્ટેશન સુધી જઈ આવ્યા, પણ કોઈ એંધાણ મળ્યા નહિ. મોડી રાતે મારાઓ ઘેર પહોંચી સૂઈ ગયા.

સવાર પડી. લગભગ સાત-સાડા સાતના સુમારે 'ગુરુદેવ દત્ત'ની ધૂન ગાતાં ગાતાં લાભશંકર ગોર મંદિરમાં પૂજન માટે જતા હતા. તેમની ચિર-પરિચિત ધૂન આ મારાઓએ સાંભળી અને સફાળા બેઠા થઈ ગયા. એક જણ તેમની સામે ગયો અને પ્રણામ કરી બોલ્યો.

'પ્રણામ ગોરબાપા ! તમે તો અજુપુરા ગયા હતાને ?'

'હા, ભઈલા, કામ પતી ગયું. એટલે કાલે સાધલી થઈ ગોપાલદાસના ડમણામાં અહીં આવી ગયો. કેમ ભાઈ, તબિયત તો સારી છેને ? તારા બાપને મારા ગુરુદેવ દત્ત કહેજે.'

પેલો મારો ક્યાંય સુધી ગોરબાપાની પીઠ તાકી રહ્યો. તેને થયું કેવા સરળ, પ્રભુમય, ભોળા, સહૃદયી છે ગોરબાપા ! ગઈ કાલે ખરેખર અમારા હાથે કેવું અજુગતું થઈ ગયું હોત. તેને ખૂબ દુઃખ થયું. ઘેર જઈ આંગણામાં પડેલા ખાટલામાં આંખો મીંચી પડી રહ્યો.

'અલખનો આરાધક અવધૂત', પ્ર.આ., પૃ. ૩૮૯ ❑

## (૧૩) નામસ્મરણ : સાધનશિરોમણિ

શ્રીગાંડા મહારાજ

શ્રીગાંડા મહારાજ (શ્રીયોગાનંદ સરસ્વતી સ્વામી) એક દિવસ શ્રોતાઓને બોધામૃતનું પાન કરાવતા હતા, ત્યારે એક ગૃહસ્થે પ્રશ્ન કર્યો :-

'મહારાજ, શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત કરાવવાથી અથવા તીર્થસ્થાન કરવાથી પાપનો નાશ થાય છે તો પછી નામસ્મરણની શી જરૂર ?

સ્વામીએ કહ્યું :-

શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત કે તીર્થસ્થાન એ બધાં સાધનો **'ગજશૌચ'** જેવાં છે. હાથીને જળમાં સ્નાન કરાવીએ તો તે વખતે તેના અંગ ઉપરનો મેલ ધોવાઈ જાય છે, પણ બીજી જ ક્ષણે એ હાથી પોતાના શરીરને પુનઃમલિન બનાવે છે. એટલે એ સાધનો તત્પુરતા જ શુદ્ધ કરનારાં છે, પરંતુ **પાતક કરવાની વૃત્તિનો નાશ થતો નથી.** એટલે તીર્થસ્થાન વગેરેથી શુદ્ધ બનેલો માનવી પુનઃ નવાં પાપ કરવાનો આરંભ કરે છે, એ સાધનોથી **ચિત્તશુદ્ધિ થતી નથી.**

ચિત્તશુદ્ધિના અભાવે મનુષ્ય પોતાના સ્વભાવને અનુસરીને પુનઃ ન કરવાનાં કાર્યો તરફ પ્રેરાય છે અને પરિણામે પાપનો પુંજ ભેળો કરતો રહે છે. શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત પાપના વૃક્ષનો નાશ કરે છે, પણ તેના મૂળનો કે બીજનો નાશ કરતાં નથી. જો પાપનાં બીજ મૂળનું જ નિવારણ થાય તો વૃક્ષ ફરીને ફાલતું નથી તેમ પાપ કરવાની વૃત્તિ જ ફરીથી ઉત્પન્ન થતી નથી. **એ તો કેવળ નામસ્મરણથી જ થઈ શકે.**

હરિનામ એ એવું બળવાન છે કે અંતઃકરણ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે. વિષયો તરફ આકર્ષાતા અંતઃકરણને તે હરિનામ સાથે જોડે છે. અને તેથી વિષયો દૂર થતાં અંતઃકરણ હરિનામ સાથે સંયુક્ત થાય છે ત્યારે ચિત્તની શુદ્ધિકરણ થતાં વાર લાગતી નથી. નામસ્મરણ અંતઃકરણમાં પડેલાં પાપનાં બીજને નિરંકુર બનાવે છે. જેમ શેકેલાં બીજ વાવવાથી તે ઊગતાં નથી તેમ હરિનામના પ્રભાવે અંતઃકરણમાં ભરેલાં પાપનાં બીજ પણ બળી જાય છે અને પરિણામે પાપ કરવા તરફની પ્રવૃત્તિ થતી નથી.

કોઈ પણ નિમિત્તે હરિનું નામ જીભે ચડ્યું કે તે પાપનો વિનાશ કરવાને સમર્થ છે. આમ, અન્ય સાધનોની સરખામણીમાં **નામસ્મરણ એ સાધનોનું શિરોમણિ છે.** એટલું જ નહિ પણ નામસ્મરણ અંતઃકરણની મલિનતા ઉપર સીધો પ્રહાર કરે છે, જે ઈતર સાધનો કરી શકતાં નથી. નામસ્મરણ જેવું બીજું પાવનકારી એકે સાધન નથી.

નામસ્મરણ કરતાં કોઈ વિશેષ કષ્ટ વેઠવું પડતું નથી. ચારે યુગમાં અને ત્રણે લોકમાં જો કોઈ જીવ શોકરહિત બન્યો હશે તો તે નામજપ-નામસ્મરણ દ્વારા જ ! નામજપ સાધનશિરોમણિ હોવા છતાં તેમાં લેશમાત્ર કષ્ટ નથી. નાણાંનો વ્યય નથી. શરીરને સંકટ નથી. શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્તમાં દ્રવ્યનો વ્યય થાય છે અને પરિશ્રમ વેઠવો પડે છે. તીર્થસ્નાનાર્થે પણ એમ જ હોય છે અને એ કરવા છતાં પણ પાપાચરણ કરવાની વૃત્તિનો ક્ષય થતો ન હોવાથી પુનઃપાપાચરણ કરવાની વૃત્તિ તો સદા બની જ રહે છે.

નામસ્મરણ જ એક રામના બાણસમું અમોઘ સાધન છે. મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ તુકારામ, નામદેવ આદિ મહાન ભક્તોએ નામસ્મરણનો જ મહિમા ગાયો છે. શ્રીભગવાને પણ **'યજ્ઞોમાં જપયજ્ઞ હું છું'** એમ ગીતાજીમાં કહી નામજપ એ પોતાનું સ્વરૂપ છે, એવું પ્રતિપાદન કર્યું છે.

'શ્રીગાંડા મહારાજનું જીવનચરિત્ર', પ્ર.આ.,પૃ.૨૩૮ ❑

## (૧૪) 'અનુભવી' એકલો છે, પણ એનું એને દુઃખ નથી

શ્રીમોટા

જે શરીરધારી અનુભવી છે એ શૂન્ય પણ છે. આપણે જેને શૂન્ય ગણીએ છીએ અથવા તો વિચારીએ છીએ એ પ્રકારનું એ શૂન્ય નથી. એ શૂન્ય જુદા પ્રકારનું છે. કંઈ કશામાં ભાષાથી વ્યક્ત થાય એવું નથી.

અનુભવી પુરુષ શૂન્યમાં રમતો હોય છે, પાછો પ્રકૃતિમાં પણ હોય છે. સંસારમાં બીજા માણસથી એને અનેક જાતની અથડામણો થાય છે, પણ એ એને સ્પર્શતી નથી.

અનુભવી પુરુષ એ સંસારમાં જીવતો હોવા છતાં એ એકલો છે, કારણ કે એની સાથે કોઈ ભળતું હોતું નથી, એ તો બધાંની સાથે ભળે-મળે પણ બીજાં બધાં એની સાથે ભળતા નથી. સંસારી લોકો પાછા વાંક પેલાનો કાઢે. પોતાનો દોષ-વાંક બિલકુલ જોતા નથી.

અનુભવી તો માત્ર ફૂલની સુવાસ જેવો હોય છે. બીજાં બધાંની સાથે આપણે ભળતાં ન હોવાથી આપણે અટૂલાં-એકલાં રહીએ છીએ. સંસારીઓનો પ્રેમ તદ્દન સંસારી સ્વાર્થનો જ હોય છે. આ મેં અનુભવેલી વાત છે. ગપ્પાંની વાત નથી.

ભગવાને કહ્યું કે, 'તું એકલો છે.' આપણને કોઈની સાથે વિરોધ નથી. ઊલટાનું એમની સાથે આપણે મળેલાં છીએ, કારણ કે એ બધાંનામાં આપણે છીએ. એટલે આપણાથી એમનો અણગમો ના થાય. આપણાથી ઊંધો વર્તે, આપણને ગમે તેમ કહે, તોય આપણાથી એમનાથી દુઃખ ના લગાડાય. ઓછું ના અણાય. અણગમો ના થાય. ઊલટો પ્રેમ જ થાય એવી સ્થિતિ આપણી ત્યારે હોવી ઘટે. એવો અનુભવ થાય ત્યારે આપણે જાણવું કે આપણે ખરાં અનુભવી તે સિવાય નહિ.

આખી દુનિયામાં તે વખતે આપણે એકલાં જ હોઈએ છીએ. આપણું કોઈ સાથીદાર-બાથીદાર કોઈ મળે નહિ. આપણે એકલાં છીએ ત્યારે એકલાપણાનું દુઃખ આપણને હોય નહિ. આનંદ જ છે માત્ર સામાવાળા ગમે તેટલું તમને કહે કે દુઃખ-બુખ લાગતું નથી અને આનંદ જ માત્ર થાય છે.

આ બધુંય મેં પ્રત્યક્ષ અનુભવેલું છે. મારી માને વિશે અને પાછું બધાંયની સાથે. મને તો આનંદ પણ થાય. મને એમ થાય કે આ મા બિચારી આ અજ્ઞાનમાં શું કરવા દુઃખી થતી હશે ? આવું એનું અજ્ઞાન છે. એને એવું સમજાવવા જઈએ તો પાછી ઓર ઊછળે, 'બેસ બેસ તું, મોટો જ્ઞાની-સમજુ ના થયો હોય તો !' એવી સ્થિતિ થાય છે.

જગતમાં તમે બધાંની વચ્ચે હોવા છતાં તમે એકલા પડી જાવ છો. તમે એકલા જ છો એ જાતનો અનુભવ આપણને (અનુભવીને) થાય છે. આ સંસાર એટલા માટે જ ભગવાને આપ્યો છે. 'જો તું આ બધાંમાં હોવા છતાં, આ બધાં જુદાં છે. તેઓને તું તારા પોતાના ગણતો હતો. તેમના માટે તું રડતો હતો પણ તું અનુભવી લે. જોઈ લે કે તું એકલો જ છે.'

આમ હોવા છતાં શરીરધારી તરીકે આપણે એમની સાથેના ધર્મને કોઈ દિવસ અવગણાય નહિ. ઊલટાનું એ ધર્મનું પાલન યથાયોગ્ય ભાવે કરવાનું છે. શરીર છે ત્યાં સુધી પ્રકૃતિ છે, ધર્મને કોઈ કાળે અનુભવીથી અવગણાય નહિ.

'જન્મ-પુનર્જન્મ', પ્ર. આ., પૃ. ૧ ❑

## (૧૫) ગુરુને છેતરવા નહિ

**શ્રીમોટા**

સાધનાના માર્ગમાં જ્ઞાનપૂર્વક રજથીયે રજ થવાની જરૂર છે. નમ્રતા તો શૂન્યતાનીયે પાર થાય, તે ઘણું જ જરૂરનું છે.

નમ્રતા એટલે પોતે કશું જ નથી - એકમાત્ર શ્રીભગવાન જ છે, એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના. તે વિના આપણું સાધનાનું કામ કદી પાકી શકવાનું નથી. માટે જે તે આ માર્ગનું લખવાનું બન્યા કરે, તેનું તેવું યથાશક્તિ, પ્રેમભક્તિથી, હૃદયથી પાલન કરતા રહેવું.

પોતે ગુરુ કર્યા છે, પરંતુ હૃદયમાં તો શું, પણ મનમાં પણ ગુરુની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના અને તે પણ પોતાના જીવનવિકાસની ભાવનાને કેળવવાને માટે - જીવ જો રાખી શકતો નથી અને જો તેવો જીવ પોતાના શ્રેયની વાત કરે તો એવી વાતો તો ગુરુને છેતરવા બરાબર છે. જોકે તેમાં ગુરુને તો કશુંયે નથી, કારણ કે તે તો કોઈ જાતની કોઈ કશા પરત્વે આકાંક્ષા સેવતો હોતો જ નથી. એટલે એને ક્યાંયે છેતરાવાપણું રહેતું નથી, પરંતુ આ પ્રકારના જીવો તો પરમ અપરાધને પાત્ર છે, એ નક્કી જાણવું.

વળી, આ સાધનાનું કાર્ય તો ઘણું ઘણું અઘરું અને મુશ્કેલ છે અને તેવું તો અમારાથી ન બની શકે એવી વૃત્તિ સેવવી કે કરવી અને મોઢેથી તેમ વદવું તે સાધકને કાજે તદ્દન અહિતકારી છે. માટે, તેવી વૃત્તિનો તો સવેળા જેટલો વહેલો ત્યાગ કરી શકાય તેટલું સાધકને કાજે ઉત્તમ હકીકત છે.

આપણું બોલવું, આપણું વર્તવું, બેસવું, ઊઠવું, ચાલવું અને સકળ કંઈ કર્મ કરવાં, એવું બધું સર્વ કંઈ જે તે આપણા જીવનવિકાસને યોગ્ય છે કે કેમ, તેની સમજ આપોઆપ સાધકને પડી જતી હોવી ઘટે. તો જ તેનો બચી શકવા વારો આવી શકે.

'કોઈએ આમ કહ્યું અને કોઈએ તેમ કહ્યું.' જો તેમાં જ જીવ અટવાઈ જાય, મૂંઝાઈ જાય, લેવાઈ જાય, અકળાઈ જાય, અશાંત થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય તો હજી એનામાં અહંતા ભરી પડેલી છે તેમ જાણવું, કારણ કે તેની અહંતાને તેવા પ્રકારના આઘાત લાગે છે. તેથી કરીને તેને તેવી તેવી લાગણી થાય છે. સર્વ પ્રસંગો પોતાને વધારે જાગૃતિમાં જીવવા અને પ્રેરવવા કાજે બન્યા કરતા હોય છે, એવું જ્ઞાન જ્યારે સાધકના દિલમાં પ્રગટે છે ત્યારે બનતા જતા સર્વ પ્રસંગોમાં પોતાના જીવનને ઘડવા કાજેનો શ્રીપ્રભુની પરમ કૃપાનો સૂક્ષ્મ હાથ રહેલો તે અનુભવે છે.

એવો અનુભવ થતાં સ્થૂળ રીતે જણાતા એવા કારમા કારમા પ્રસંગોમાં પછીથી સાધકનું મન જીવદશાની સમજણથી કદી પણ દોરવાઈ જતું નથી. જે જીવ જાગે છે તે તો જાગવાની સમજણથી જે તે બધું સમજતો હોય છે, જોતો હોય છે. માટે આપણે તો જે તે બધું જાગી જાગીને જ જોવાનું છે અને તે સમજણ પ્રમાણે વર્તવાનું છે.

**જે જીવ જીવનને ચાહે છે, તેને ઘણું ઘણું અધિક હૃદયમાં ચાહું છું. જીવનવિકાસ કાજે હૃદયની લગની લાગે એટલે બસ મારું કામ પાક્યું એમ શ્રીપ્રભુકૃપાથી ગણું.** તેથી, સત્સંગનો જ્ઞાનપૂર્વકનો નિરંતર અભ્યાસ જરૂરનો છે, તેમાં એકદમ કંઈ શ્રીભગવાનના ચેતન પરત્વેના સંસ્કારનો ઉદય કઈ રીતે થઈ શકે ?

મેલાં કપડાંને બરાબર રંગ ચડી શકતો નથી. પહેલાં એમાંનો બધો મેલ કાઢી જ નાખવો પડે છે. એમ તો સ્થૂળ રીતે જાતે રંગરેજ છુંને ? રંગવાનું કામ મળેલું હતું. શ્રીપ્રભુની કૃપાથી અમને તો જે એની મેળે તે કામ કાજે મળે તેમના અંતર રંગવાનું કામ ઘણું ઘણું ગમે છે.

'જીવનસોપાન', બી.આ., પૃ. ૨૧૪ ❑



## 'મૌન' અમરવાણી છે.

મૌન વિદ્યુતનો સતત શક્તિશાળી પ્રવાહ છે. વાણી, વિદ્યુતપ્રવાહમાં ભંગ પાડનાર પ્રકાશ છે. જ્ઞાની વાતો કરવા છતાં મૌની છે. એ કાર્યરત રહેતો હોવા છતાં સંપૂર્ણ શાંત છે અને ધરતી ઉપર ચાલતો હોવા છતાં એ સદાય આકાશમાં વિહરતો હોય છે.
મૌન ચાર પ્રકારનાં છે. વાણીનું, દૃષ્ટિનું, કાનનું અને મનનું. મનનું મૌન વિશુદ્ધ અને સૌથી મહત્ત્વનું મૌન ગણાય છે.

- ભગવાન રમણ મહર્ષિ

*'ભગવાન રમણ મહર્ષિ', જીવન અને કાર્ય,*
*પ્ર. આ., પૃ. ૧૬૧*

**HARIBHAV, OCTOBER - 2016**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



# વિસંવાદી જીવનપદ્ધતિ

વર્તમાનકાળના સરેરાશ માનવીનું જીવન એટલે વ્યર્થ વિરોધ અને નિરર્થક નિરોધની જ એક શૃંખલા છે. જ્યાં જુઓ ત્યાં પરિસ્થિતિઓ અને પદાર્થોની ગુલામીમાં ફસાયેલો આધુનિક માનવ પોતાની જાત અને બીજા સાથે યુદ્ધ કરતો જ રહે છે. કોઈની સાથે એને બનતું જ નથી.

આ જાતની વિસંવાદી જીવનપદ્ધતિ દ્વારા પણ માણસ તો શાશ્વત સુખ જ મેળવવા માગે છે. !

- સ્વામી કૃષ્ણાનંદ

*'સ્વામી કૃષ્ણાનંદ સંપુટ ભાગ -૨', પ્ર. આ., પૃ. ૨૬૧*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com